
# ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ નાબૂદી લડતના

# આખખા દાયકાનો

# દસ્તાવેજ

* સૌજન્ય: SANDESH - AHMEDABAD 30-11-1993




સંપાદકો

હસમુખ બારાડી — ડૉ. સરૂપ ધ્રુવ — હિરેન ગાંધી

પ્રકાશક


ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ નાબૂદી સમિતિ, ૧૯૯૪

## આભાર

અમારા આ અભિયાનમાં જે સતત સાથે રહ્યા છે તે મિત્રો, કર્મશીલો, પત્રકારો, કલાકાર સંઘો, સાહિત્યિક સંસ્થાઓ, નાગરિક અધિકાર માટે લડતાં જૂથો અને સંવેદનશીલ નાગરિકોનો, તેમજ આ પુસ્તિકા ઝડપથી તૈયાર કરવામાં સહાય કરનારાં પ્રીતિ કિરણનો આભાર માનીએ છીએ.

# ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ નાબૂદી લડતના આખખા દાયકાનો દસ્તાવેજ

* સૌજન્ય: SANDESH - AHMEDABAD 30-11-1993




સંપાદકો

હસમુખ બારાડી | ડૉ. સરૂપ ધ્રુવ | હિરેન ગાંધી

પ્રકાશક

ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ નાબૂદી સમિતિ, ૧૯૯૪

**ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ નાબૂદી લડતના આખા દાયકાનો દસ્તાવેજ, A Document On Decade-long Movement For Abolition of Gujarat State Cultural Programme Certification Board (Censor Board for theatre),** in Gujarati.

**Published First Edition : January, 1994.**

પ્રત : ૫૦૦

પ્રકાશક :
ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ નાબૂદી સમિતિ, ૧૯૯૪.
૫/૫૭ નવનિર્માણનગર, પ્રગતિનગર, અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૪૭૩૬૩૧, ૪૩૫૦૭૮, ૪૫૨૮૭૮

મુદ્રક :
સ્નાયકો સાયન્ટિફીક્સ્
૩૨, એમ્બેસી માર્કેટ, દિનેશ હૉલ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯
ફોન : ૪૪૭૧૬૪

સહયોગ રાશિ : રૂ. પંદર

## ક્રમ


| | | |
|---|---|---|
| ૧. પ્રારંભે | | |
| ૨. પહેલ વ્હેલો બૂંગિયો | : હિરેન ગાંધી | ૧ |
| ૩. સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ હવે 'ઓવરટાઈમ' કરે છે | : હસમુખ બારાડી | ૫ |
| ૪. સેન્સરશીપ શા માટે ? | : ગિરીશ પટેલ | ૮ |
| ૫. સર્જકનું સ્વાતંત્ર્ય : થોડોક વિચાર વિમર્શ | : ડૉ. સરૂપ ધ્રુવ | ૧૫ |
| ૬. ગુજરાતી રંગભૂમિ, કલાપ્રવૃત્તિ અને ગુ. સાં. પ્ર. બોર્ડ | : હિમાંશુ ત્રિવેદી | ૧૮ |
| ૭. પ્રમાણપત્રનો પર્યાય | : અશ્વિની ભટ્ટ | ૨૧ |
| ૮. એક પત્ર | : પ્રકાશ ન. શાહ | ૨૪ |
| ૯. કેટલાક જાહેર પ્રતિભાવોના અંશો | | ૨૬ |
| ૧૦. અંગત પત્રોમાંથી | | ૩૯ |
| ૧૧. પરિશિષ્ટ (ઠરાવો, નાબૂદી સમિતિઓના સભ્યો, બોર્ડના સભ્યો વગેરે) | | ૪૨ |

# પ્રારંભે

અહીં વાત આ ગયા આખ્ખા દાયકાની છે, પણ એની સાથેનો મતભેદ તો આ બોર્ડ રચાયું ત્યારથી, ૧૮૭૬માં અંગ્રેજ સંસ્થાનવાદીઓએ કડક નિયંત્રણો લાદ્યાં ત્યારથી કે માનવીની કોઈ પણ અભિવ્યક્તિ પર સત્તાએ લગામ લગાવી ત્યારથી રહ્યો છે. આ પુસ્તિકામાંનાં લેખો, ત્રુટક અભિપ્રાયો કે અવતરણોમાં અનેકો દ્વારા ક્યારેક બુલંદ, તો ક્યારેક મંદ, સૂરે એનો વિરોધ વ્યક્ત થતો દેખાશે. અમુકના બદલાયેલા કે બદલાતા જતા અભિપ્રાયોને પણ અહીં વ્યક્ત થવા દીધા છે, તેમ સેન્સરશીપ જેવાં નિયંત્રણો વિશે (અમને સમાધાનકારી લાગતા) વિચારો પણ અહીં સમાવ્યા છે. મુદ્દો એમના પણ સ્વાતંત્ર્યનો જ છે.

અહીં એ પણ નોંધવું જોઈએ કે ગયા દાયકાના ત્રણ તબક્કાઓ - '૮૪, '૯૦, '૯૩ - દરમિયાન અનેક વસ્તુપરક કારણોને લીધેય, બંધારણ-બક્ષ્યા અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના મુદ્દે સજ્જતા ઓછી થતી જતી હોય એવું કેટલાકને લાગ્યું છે; કેટલાકને સ્થાપિત હિતોની પકડ અને એમના તરફનો ભય વધતાં લાગ્યાં છે; આવનાર દિવસોની કલ્પનાએ ધ્રુજારી પણ કેટલાકે અનુભવી છે. આ લંબાયેલા પડછાયાનો આકાર વધુ બિહામણો જ હશે...

સમાજનાં પરિબળોને આંગળી ચીંધીને નિર્દેશી ન શકાય એવા આજના સંજોગોમાં સ્વાતંત્ર્ય અને મુક્ત અભિવ્યક્તિ માટે એક broad democratic platform આ નિમિત્તે પણ ઊભું થાય, ગુજરાત - મહારાષ્ટ્રના થીએટર પરનું સેન્સર બોર્ડ નાબૂદ થાય પછી પણ એ પ્લેટફોર્મ બુલંદ રીતે કામ કરતું રહે એ માટે કલાકારો અને કર્મશીલોની જાગૃતિ અને સજ્જતા જ આ પુસ્તિકા, આ સંઘર્ષ અને આ અભિયાનનો ઉદ્દેશ છે...

અમદાવાદ,
૨૭-૧-'૯૪

• સંપાદકો

# પહેલ વ્હેલો બૂંગિયો. . .

## ( 'ઈતિહાસની બીજી બાજુ'ને સેન્સરનો અનુભવ )

• હિરેન ગાંધી

વાત ૧૯૮૪ની છે. સામાજિક-રાજકીય નિસ્બત ધરાવતો એક સાંસ્કૃતિક મંચ -'સંવેદન'- ખડો કરવાનું બીડું ઝડપેલું, અને એ પણ જીવનમાં પહેલવ્હેલીવાર; જાતે ફૂલલૅન્થ નાટક લખીને દિગ્દર્શિત કરવાના સાહસ સાથે. નાટક હતું - 'ઈતિહાસની બીજી બાજુ'. શહીદ ભગતસિંહના જીવન, કાર્ય અને વિચારધારાને નિરૂપતા એ નાટકની લંબાઈ હતી સાડા ચાર કલાકની અને એમાં કુલ પાત્રો હતાં સિત્તેરથી વધુ, અલબત્ત, સરૂપબેન ધ્રુવ અને બીજા બે-ત્રણ મિત્રોનો સતતનો સાથ તો હતો જ, અને સાથે સાથે એક દાયકાનો નાટકની દુનિયા સાથેનો જીવંત નાતો પણ હતો.

જોડકાં જોડવા, ખાલી જગ્યા પૂરવા કે ટૂંકનોંધ લખવા માટે સ્કૂલમાં ગોખેલા 'ભગતસિંહ' કરતાં નાટક લેખનની પ્રક્રિયા દરમિયાન, તેમના વિશેનાં અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ વિશેનાં ગ્રથાલયોમાં પડેલાં પુસ્તકોના પરિચયમાં આવ્યો ત્યારે, પગ તળેથી ધરતી ખસી જતી લાગી હતી, કેમ કે એ 'ભગતસિંહ'ને 'ગોખેલા ઈતિહાસ' સાથે ના'વા નિચોવવાનોય સંબંધ ન્હોતો. અને એ વખતે સહજ રીતે જ અમને મિત્રોને એક-બે ભોળાભટ સવાલો ઉઠેલા. આ ઈતિહાસ ભણવામાં કેમ નથી આવતો ? આપણો દેશ તો સ્વતંત્ર છે, લોકતાંત્રિક છે, તો પછી અમુક નેતાઓને ઈતિહાસમાં વધારે મહત્ત્વ અપાય અને એમના જેટલી જ દેશભક્તિ અને એમના જેટલું જ, ક્યારેક તો એમનાથીયે વધુ બલિદાન આપનારાઓને હાંસિયામાં કેમ ધકેલી દેવાય છે ?

ખેર, એ બાલિશ સવાલોના જડબેસલાક જવાબો અમને નાટક ભજવતાં પહેલાં મળી ગયા, તથા સાથે સાથે જ આપણી લોકશાહી અંગેના અમારા રૂપાળા ભ્રમોનું પૂરેપૂરું નિરસન પણ થઈ ગયું. 'શિક્ષિત, સંસ્કારી અને મધ્યમવર્ગી' કુટુંબમાં જન્મ અને ઉછેર થયો હોવાને કારણે કેટલાક આદર્શો (ચીકણાશ) લોહીમાં વણાઈ ગયેલા હતા; એટલે નાટક રજૂ કરવા માટે જરૂરી 'સેન્સર બોર્ડ'નું પ્રમાણપત્ર એજન્ટ (દલાલ) પાસેથી 'ખરીદી' લેવાને બદલે જાતે જ ગાંધીનગર જઈ નાટકની સ્ક્રીપ્ટ ' સેન્સર બોર્ડ 'ને આપી આવ્યો. સ્ક્રીપ્ટ આપી ત્યારે તો ત્યાંથી રૂટિન જવાબ મળેલો : "દસ-બાર દિવસમાં પ્રમાણપત્ર મળી જશે."

ભાંખોડિયા ભરતી સંસ્થા, ભાંખોડિયા ભરતો દિગ્દર્શક અને સિત્તેરથી વધુ કલાકારોવાળું નાટક, નાટકની પ્રસવપીડા અને એનો રોમાંચ અકથ્ય હતાં. 'સેન્સર બોર્ડ' જણાવેલ મુદત વીતી જતાં ગાંધીનગરના ધક્કા શરૂ કર્યા. પહેલાં પહેલાં તો સીધો-ઠેકાણાસર જવાબ નહોતો મળતો, માત્ર મુદત મળતી'તી. પણ પછી એક દિવસ ('સેન્સર' માટે સ્ક્રીપ્ટ જમા કરાવ્યાના ત્રણેક અઠવાડિયા પછી) અમારા હાથમાં એક

'મોં-માથા' વિનાની અમીબા આકારની ચિઠ્ઠી પકડાવવામાં આવી, જેમાં લખ્યું હતું કે નાટકમાંથી 'ફલાણો' સીન રદ કરો તો 'પ્રમાણપત્ર' મળે ! થયું, લોકશાહી તંત્રનો પહેલો કુઠારાઘાત અમારા પર વીંઝાયો.

પણ આગળ બીજી વાત કરતાં પહેલાં 'ફલાણા' સીનનો ફોડ પાડી દઉં. એ ૨૩ માર્ચ, ૧૯૩૧ની રાત્રિનું - એટલે કે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને જે રાત્રે ફાંસી અપાઈ તે જ રાત્રિનું - દૃશ્ય હતું. તેમાં ગુલામ ભારત પર શાસન કરી રહેલ અંગ્રેજ સરકારના ત્રણ સર્વોચ્ચ અમલદારો દિલ્હીની એક પૉશ ક્લબમાં, તે સમયના વાઈસરૉય લૉર્ડ ઈરવિનની રાજકીય કુનેહનાં ગુણગાન ગાતાં બેઠા છે. તેમની વાતોમાંથી કેટલાંક રહસ્યોનો પર્દાફાશ થઈ રહ્યો છે. એક હકીક્ત તો એ હતી કે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને બ્રિટિશ ન્યાયતંત્રે ફાંસી તો જાહેર કરી દીધી હતી, પરંતુ એ ત્રણેની મુક્તિ માટે દેશના યુવાનો, પ્રજાજનો, અને કૉંગ્રેસના સુભાષચંદ્ર બોઝ જેવા યુવાનેતાઓ જે જોરદાર આંદોલન ચલાવી રહ્યા હતા એને ખાળવામાં શાસકો ઊણા ઉતરી રહ્યા હતા. બીજી હકીક્ત એ હતી કે હારની એ બાજીને જીતમાં પલટી નાંખવા ઈરવિન એક એવી ચાલ ચાલ્યા કે જેણે એક કાંકરે અનેક પંખીઓને ભોંયભેગા કરી દીધા; જેમાં દેશના અને કૉંગ્રેસના સૌથી વરિષ્ઠ નેતા ગાંધીજીનો પણ સમાવેશ થતો હતો. ઈરવિનની એ ચાલ હતી - ત્રણેય ક્રાંતિવીરોને ૨૪ માર્ચે ફાંસી આપવાની જાહેરાત. પશ્ચાદ્‌ભૂ એવી હતી કે થોડા સમય પહેલાં જ વાઈસરૉય અને ગાંધીજી વચ્ચે થયેલ 'ગાંધી-ઈરવિન પૅક્ટ'ની કેટલીક કલમોને લઈને સરદાર, નહેરૂ વગેરે નેતાઓ ગાંધીજીની વિરુધ્ધમાં હતા; અન્ય યુવાનેતાઓ ક્રાંતિવીરોને મુક્ત ન કરાવવા બદલ ગાંધીજી ઉપર રોષે ભરાયેલા હતા, અને એ સંજોગોમાં ૨૪-૨૫-૨૬ માર્ચે કરાંચીમાં કૉંગ્રેસનું અધિવેશન મળી રહ્યું હતું. એટલે કે ગાંધીજી સામે કૉંગ્રેસમાં જબરદસ્ત અસંતોષની જ્વાળાઓ ભભૂકી ઊઠે એવી પૂરી શક્યતાઓ હતી અને જો અધિવેશનના ઉદ્‌ઘાટનના દિવસે જ ત્રણેય ક્રાંતિકારીઓને ફાંસી અપાય તો ? . . ૨૪ માર્ચે ફાંસી જાહેર કરવા પાછળ આ જ ખંધી ચાલ હતી ઈરવિનની. ગાંધીજી ઉપર એ જાહેરાતની ધારી અસર થઈ. એ પોતાના તમામ કાર્યક્રમો રદ કરી તાબડતોબ - ૧૯ માર્ચે - પહોંચી ગયા દિલ્હી, વાઈસરૉય પાસે. વાઈસરૉય તો રાહ જ જોઈ રહ્યા હતા એમની. એ બંનેની એ મુલાકાતમાં એ નક્કી થયું કે ત્રણેને ફાંસી ૨૩ માર્ચે રાત્રે જ આપી દેવી. ચૂપચાપ. 'ફલાણા' સીનમાં આ રહસ્યો ખૂલતાં હતાં અંગ્રેજ અમલદારોની વાતોમાંથી.

'સેન્સર બોર્ડ'ના અધ્યક્ષપદે ત્યારે ગુજરાતના જાણીતા ઈતિહાસવિદ્ શ્રી નીરૂભાઈ દેસાઈ હતા. અમારા એ દૃશ્યમાંની હકીકતોને સાબિત કરતા પુરાવાઓ - જેમાં, કૉંગ્રેસે પોતે તૈયાર કરાવીને પોતે જ ૧૯૩૫માં બહાર પાડેલ ડૉ. બી. પટ્ટાભિસીતારામૈયા લિખિત કૉંગ્રેસના ઈતિહાસનો પ્રથમ ભાગ; 'ગાંધીજીનો અક્ષરદેહ' ભાગ-૪૫ તથા લૉર્ડ ઈરવિનની આત્મકથા 'ફૂલનેસ ઓફ ડેઝ' જેવાં આધારભૂત પુસ્તકોનો પણ સમાવેશ



થતો હતો - લઈને અમે એમના ઘેર મળવા ગયા. પરંતુ એમણે અમારા ગ્રંથો કે પુરાવાઓ સામે જોવાની પણ પરવા કર્યા વિના અમને એ સમજાવવાની (ઠસાવવાની) કોશિષ કરી કે ભગતસિંહ સોન્ડર્સ મર્ડર પછી, પશ્ચાતાપની આગમાં તરફડતાં, એક રાત્રે, ગુપ્ત રીતે, ગાંધી આશ્રમમાં ગાંધીજી પાસે આવી માફી માંગતા માંગતા ભાંગી પડ્યા હતા અને એ બનાવના તેઓ (શ્રી નીરૂભાઈ) સાક્ષી હતા. અમે અમારા દૃશ્યની યથાર્થતા ચકાસવાનો તથા તેમણે જણાવેલ 'બનાવ'ના ઐતિહાસિક પુરાવાઓ માટેનો આગ્રહ કર્યો. અને સરવાળે અમને અમારો એ ધક્કો માથે પડ્યો !

દરમિયાનમાં ગાંધીનગરને અમારા પત્રો તો ચાલુ જ રહ્યા. સાથી મિત્રો અને પ્રજાતંત્ર માટે સજાગ પત્રકારો, કટારલેખકોના લેખો દ્વારા છાપાં-મેગેઝીનો પણ 'અવાજ' ઉઠાવતાં રહ્યાં. પણ ગાંધીનગર તો 'અદબ, પલાંઠી, મ્હોં પર આંગળી' રાખી બેઠું જ રહ્યું. પછી અમે 'સેન્સર બોર્ડ'ને જન્મ આપનાર રાજ્ય સરકારના જી. આરની માંગણી કરી; જેને ત્યારે તો ઠીક, હજી આજે - એક દસકા પછી પણ એ 'શોધતું' જ રહ્યું છે ! . . . અને છેવટે અમે નારો ઉઠાવ્યો 'સેન્સર બોર્ડ નાબૂદી' માટેનો. સ્વતંત્રતા પછી સૌ પ્રથમવાર એટલી નક્કર રીતે 'નાબૂદી'નો આ નારો ઉઠ્યો હતો. અમે અમારી સ્ક્રીપ્ટની યથાર્થતાને સ્વીકૃત કરતા તથા સંપૂર્ણપણે સેન્સર બૉર્ડ નાબૂદીની માંગણી કરતા પત્ર ઉપર સહી ઝુંબેશ આરંભી, જેમાં ગુજરાતના સવાસોથી વધુ અગ્રગણ્ય કલાકારો, બુદ્ધિજીવીઓ અને કર્મશીલોએ સૂર પુરાવ્યો; એમાં મુખ્ય હતા સર્વશ્રી જશવંતભાઈ ઠાકર, કૈલાસભાઈ પંડ્યા, દામિનીબેન મહેતા, અશ્વિની ભટ્ટ, સુભાષ શાહ, અચ્યૂતભાઈ યાજ્ઞિક, ગિરીશભાઈ પટેલ, મનિષી જાની વગેરે. અને એ પછી ૨૩ જુલાઈ, ૧૯૮૪ના રોજ 'પ્રેમાભાઈ હોલ'ના ફૉયરમાં 'નાબૂદી' માટે જાહેર સભાનું આયોજન કર્યું.

હવે ગાંધીનગર સ્હેજ હલબલ્યું. બોર્ડના સભ્ય-સચિવ શ્રી પિનાકિનભાઈ ત્રિવેદીએ મોઢામોઢ સંદેશો મોકલી મળવા બોલાવ્યા. હું ગયો, પુરાવાઓ સાથે. એમણે પણ પુરાવાઓની પળોજણને ગોળી મારી સીધી મુદ્દાની વાત શરૂ કરી, "જુઓ, ભાઈ ! ગાંધીજી આપણા સૌના બાપુજી કહેવાય. આપણા બાપુજી ઘરમાં કાંઈ ભૂલ કરે તો આપણે ઘરની બહાર એની વાત કરતા નથી. એમ ગાંધીજી વિશે પણ જાહેરમાં ટીકા ન થાય !" સ્વાભાવિક રીતે જ મારો પિત્તો ઉછળ્યો, પણ જેમતેમ કાબૂ મેળવી, મેં વારંવાર અમારા એ દૃશ્યની યથાર્થતા ચકાસવા સમજાવ્યા. પણ આખરે તો પથ્થર ઉપર પાણી !

દોસ્તો ! જરા કલ્પી તો જુઓ. સાડા ચાર કલાક્નું, સિત્તેરથી વધુ કલાકારો સાથેનું નાટક તૈયાર થઈ ગયા પછીયે ખાસ્સા સમય સુધી પ્રયોગની જાહેરાત ન થઈ શકે અને રોજ રિહર્સલ્સ ચાલુ જ રાખવા પડે ત્યારે, નાટકના દિગ્દર્શક અને સંસ્થાના સંચાલકોની કેવી દશા થાય ! વળી એ વખતે 'સેન્સર બોર્ડ' ઉપરાંત કેટલાંક અંધગાંધીભક્તો પણ અમારા ઉપર તદ્દન બેબુનિયાદ, પણ અત્યંત ગંભીર, આક્ષેપો

વરસાવી રહ્યા'તા : 'આ છોકરડાંઓ રાષ્ટ્ર વિરોધી છે...' '...ઈતિહાસને મચડે છે...' '...ઓપરેશન બ્લ્યૂ સ્ટાર પછી તરત જ 'ભગતસિંહ' જેવા શીખ નેતાનું નાટક કરી શીખોને ઉશ્કેરવા માગે છે...' '...સરકાર સામે સશસ્ત્ર બળવો કરવા માગે છે...' આ અને આવું તો કૈંક કૈંક અમારા પર ઝીંકાતું હતું. 'પ્રજાતંત્ર'ની બલિહારી... બીજું શું ? !

છેવટે ૨૩ જુલાઈ આવી. પ્રેમાભાઈ હોલમાં ખાસ્સી ભરચક જાહેર સભા થઈ. 'નાબૂદી' માટે બુલંદ અવાજ ઊઠ્યો. (એ સભામાં સર્વાનુમતે પસાર થયેલ 'સેન્સર બોર્ડ' નાબૂદીનો ઠરાવ આ પુસ્તકમાં અન્યત્ર આપેલ છે.) સાથે સાથે 'સંપૂર્ણ નાબૂદી' માટે લડી લેવા એક સમિતિની રચના પણ થઈ. (જેના સભ્યોનાં નામો પણ આ પુસ્તકમાં અન્યત્ર છે.) અને એ ઉપરાંત સૌથી મહત્ત્વનો નિર્ણય એ લેવાયો કે બોર્ડના 'પ્રમાણપત્ર' વિના તથા તેને જેના ટેકે પગભર કરવામાં આવ્યું છે એ 'પોલીસ લાયસન્સ' વિના છઠ્ઠી ઓગસ્ટે, પ્રેમાભાઈ હોલમાં જ 'ઈતિહાસની બીજી બાજુ'નો જાહેર પ્રયોગ કરવો, અને સરકારને ઈચ્છિત પગલાં લેવા આમંત્રણ આપવું.

આપ્યું. આમંત્રણ આપ્યું. ગાંધીનગર થોડું વધુ હચમચ્યું. ૨૭ જુલાઈએ -સ્ક્રીપ્ટ જમા કરાવ્યાના પૂરા એકાવન દિવસ પછી- એણે નાટકને 'કામચલાઉ પ્રમાણપત્ર' આપ્યું, જેમાં અત્યાર સુધી જેના ઉપર વિવાદ થયો હોત એ દૃશ્ય અને એક અન્ય દૃશ્ય -'ગાંધી-ઈરવિન પૅક્ટ' વિશે ભારતના બે સામાન્ય નાગરિકો પોતાનો મત વ્યક્ત કરે છે, એ દૃશ્ય- માં કાપકૂપ આપવામાં આવી હતી, અને ખાસ તો સર્ટિફિકેટ ઉપર સ્પષ્ટ રીતે સ્વ-હસ્તાક્ષરથી આલેખવામાં આવ્યું હતું કે 'કાપકૂપનો અમલ નહીં કરો તો કડક કાર્યવાહી થશે.' અમે પણ પત્ર અને જાહેર નિવેદનો દ્વારા જણાવી દીધું : 'કાપકૂપ નહીં જ થાય... કડક કાર્યવાહી કરી શકો છો.'

છેવટે એક પણ કાપકૂપ વિના છઠ્ઠી ઑગસ્ટે 'ઈતિહાસની બીજી બાજુ' અવતરી; હકડેઠઠ ભરાયેલા પ્રેમાભાઈ હોલના તખ્તા ઉપર. પ્રેક્ષાગારમાં ત્રણ-ચાર 'સેન્સર બોર્ડ'ના સભ્યો હાજર હતા. પણ ચૂપચાપ નાટક માણી પાછા ગયા. ત્યાં પોલીસ પણ હતી, પરંતુ એણે પણ એ જ કર્યું જે 'બોર્ડ'ના માનદ્ સભ્યોએ કર્યું.

પણ હજુ અમારું 'ભણતર' પૂરું થયું નહોતું. કૈંક વિજયના કેફમાં અને કૈંક સામાજિક-રાજકીય આંદોલનમાં બિનઅનુભવી હોવાને કારણે - 'સંપૂર્ણ નાબૂદી'ની લડત, નાટકના શો પછી ઓસરવા માંડી અને જોતજોતામાં લુપ્ત થઈ ગઈ. એ પછી છે...ક ૧૯૯૦માં 'ગેરેજ સ્ટુડિયો થીએટર'ના 'જોસેફ કે.નો મુકદમો' નાટક વખતે એ સજીવન થઈ, એની વાત હસમુખભાઈએ આ પુસ્તકમાં વિગતે કરી છે. એટલે મારી વાત અહીં જ પૂરી કરું છું - એક મહત્ત્વની નોંધ સાથે. 'સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ' તો આજે નહીં તો કાલે અચૂક નાબૂદ થશે, પણ મારી અને સરૂપબેનની સામાજિક-રાજકીય નિસ્બતને એણે આપેલી નક્કરતા ક્યારેય નાબૂદ નહીં થાય ! અસ્તુ.



# સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ હવે 'ઓવરટાઈમ' કરે છે !

• હસમુખ બારાડી

ત્રણ વરસ પહેલાં જર્મન લેખક ફ્રાન્ઝ કાફકાની નવલકથા "ટ્રાયલ" પરથી અમે "જોસેફ કે.નો મુકદમો" નામે એક નાટક તૈયાર કર્યું. અને પ્રથમ શો થઈ ગયા પછી, રાજ્યના 'સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડે' અમને અગાઉ મોકલેલી સ્ક્રીપ્ટમાં 'કટ' સૂચવ્યા ! અમે એ 'કાપકૂપ' ન સ્વીકારી, બોર્ડના સભ્યોને અને અન્ય મિત્રોને નિમંત્રી બીજો શો કર્યો. એમાં 'એ કાપકૂપની જરૂર નથી' એવું બોર્ડના હાજર સભ્યોએ સ્વીકાર્યું, મિત્રોએ બોર્ડની ટીકા કરી, અમે ફરી એનો શો કર્યો.

બોર્ડના મંત્રીશ્રીએ એ વિશે ખુલાસો કર્યો કે નાટકમાં (મૂળે તો જર્મન નવલકથામાં) ન્યાયાધીશ કંટાળાજનક કેસ હોય ત્યારે કાયદાનાં પુસ્તકોમાં પોતાને ગમતી (સ્ત્રીઓની નગ્ન) તસ્વીરો જુએ છે એવો ઉલ્લેખ હોવાથી બોર્ડના વિદ્વાન પરીક્ષકને લાગ્યું કે અમે એ તસ્વીરો કદાચને લોકોને બતાવીએ તો ? આપણાં પ્રેક્ષકોને એ કેવું લાગે ? અમારી નહીં, એમની 'નીતિમત્તા'નું શું થાય ? અમારે હાથે રંગભૂમિ જેવી કલાનું કેટલું પતન થાય ! અને 'સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ' એમાં ભાગીદાર બને, તો ગુજરાતની સંસ્કૃતિ કેટલી રસાતાળ જાય ! બોર્ડના સન્માન્ય સભ્યો 'સંસ્કૃતિના પહેરેગીરો' તરીકે નિમાયા છે, એમના વિશેય લોકો આંગળી ના ચીંધી બેસે ? ફ્રાન્ઝ કાફકાની નવલકથા હોય, જર્મન જ વાતાવરણ હોય તોય, આ રાજ્યનાં લોકોનું એક એમેટર નાટ્યજૂથને હાથે નૈતિક અધઃપતન ન થઈ જાય ?

ટૂંકમાં એ પછી અમે નાટ્યક્ષેત્રના અગ્રેસરો-સર્વશ્રી ચંદ્રવદન મહેતા, જશવંત ઠાકર, લાભશંકર ઠાકર સમક્ષ ધા નાંખી; અખબારોમાં લખ્યું, સભાઓ ભરી, ગુજરાતભરમાંથી કલાકારોની સહીઓ એકઠી કરી, વર્તમાન સાંસ્કૃતિક અને મુખ્ય પ્રધાનને મળ્યા... એની સિલસિલાબંધ હકીકતો વગેરે આજે ય અમારી પાસે સલામત છે. અને બોર્ડ પણ સલામત છે, એટલે ગુજરાતી નીતિમત્તા ટકી રહી છે !

એ પછી અમે તાજેતરમાં 'બાપુજી ઓવરટાઈમ કરે છે' એ નાટક, હાલના 'સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ'ના એક નાટ્યલેખક-સભ્ય સાથે જોયું. (અમે 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના નાટ્યવિવેચક તરીકે એ જોવા ગયા હતા, એ સહેજ.) એમાં બાપુજી (એટલે કે પ્રોફેસર પંડ્યા) પત્નીને ગમાણે બાંધી 'બાપુજીની બકરી' લઈને શોપિંગ માટે જાય છે, પડોશીની પત્નીને ત્યાં પોતે 'ઓવરટાઈમ' કરે છે, નોકરાણી 'રાધા' સાથે હિન્દી ફિલ્મ જેવું નૃત્ય કરે છે, નાટકની 'જાહેરાત'ના શબ્દો મુજબ 'પૂજા બેદીને ટક્કર મારતી' એ નોકરાણી રાધા ટૂંકો ચણિયો પહેરી ધબાક દઈને સ્ટેજ-ફ્લોર

પર બેસે છે, અને પ્રોફેસરનાં પુત્ર-પુત્રવધૂ એ વખતે 'સેક્સ મેડોના'ની ચોપડી ખોલી એની તસ્વીરોનું વર્ણન કરતાં કહે છે - જે અહીં આ લેખમાં છાપી શકાય એવું નથી !

સાંસ્કૃતિક બોર્ડના પેલા સન્માનનીય સભ્ય કહે, 'હું એકલો શું કરું ? છતાં હું વાત કરીશ.' એમણે પછી શું કર્યું એની ખબર નથી, પણ એ પછી એ નાટકના અનેક શૉ ગુજરાતમાં થયા એની અમને ખબર છે.

અમને મોડેથી એ પણ ખબર પડી કે આ નાટકમંડળી સાથે રાજકીય વગ ધરાવતી સાંસ્કૃતિક ક્ષેત્રની સત્તારૂઢ વ્યક્તિ સંકળાયેલી છે. એમની સૂચના હતી કે બોર્ડે 'ઓવરટાઈમ' સ્ક્રીપ્ટ અંગે જરાય 'સાંસ્કૃતિક ઓવરટાઈમ' ન કરવો. એ સ્ક્રીપ્ટ બોર્ડના સભ્ય તે દિવસના મારા સહદર્શકે જ તપાસી હતી. બોર્ડમાં એ પછી એની ચર્ચા થઈ હતી, છતાં નાટકના એ પછી શૉ થયા હતા. એ જ રીતે 'માણસ માત્ર, લફરાં પાત્ર' નામના એ જ મંડળીના નાટકને પહેલાં તો પ્રમાણપત્ર અને પછી 'રિવાઈઝ્ડ પ્રમાણપત્ર' કઈ રીતે મળ્યું, એ વખતે કોની સૂચના હતી, એનાથી પણ બોર્ડના સભ્યો અજાણ નહીં જ હોય એમ અમે માનીએ છીએ.

રાજકીય વગ ધરાવતી વ્યક્તિઓ આવી સૂચના આપે એ તો 'ગ્લોબલ ફિનોમિના' છે, અને આપણને એ કોઠે પડી ગયું છે. મારું સૂચન એવું છે કે આવી સૂચનાઓ આપવી પડે, અને એમની સામે બોર્ડ કશું ન કરી શકે, એ કરતાં બોર્ડ જ ન હોય તો વધુ સારું નહીં, જેથી બેરોકટોક ઈચ્છે તે કરી શકાય ? વગ ધરાવતી વ્યક્તિઓને આવી તકલીફ શાને ?

અને આ બોર્ડ આવાં કામુક્તાનાં નાટકો રોકવા કે કાપકૂપ સૂચવવા થોડું રચાયું છે ? એવું હોત, તો 'જોસેફ કે.'માં કાપકૂપ સૂચવે અને 'લફરાં' કે 'ઓવરટાઈમ'માં ન સૂચવે એવું થોડું થાય ? કે પછી 'ભગતસિંહ' કે 'સીતા' જેવાં નાટકો રોકવા, રચાયેલી રાજકીય અસહિષ્ણુતાના પ્રતીક જેવી આ સંસ્થા છે ? 'જોસેફ' વખતના એના નિયમો જોવાથી એની ખાતરી એ વખતે સહુને થઈ હતી. એટલે તો નાટ્યકલાક્ષેત્રના મહાનુભાવોએ (જનસત્તાના તંત્રીલેખ સહિત) અમને 'જોસેફ' ટાણે ટેકો દીધો હતો. કારણ કે આ બોર્ડ અને સ્ક્રીપ્ટની પોલીસ તપાસનો કાયદો એ સંસ્થાનવાદી વારસો છે, બ્રિટિશ સરકારે શરૂ કરેલો; એ દેશમાં એ નાબૂદ થયો, પણ આપણામાંથી ગુલામી માનસ, અને નાટ્યકલાની ભીતિ, હજી ગયાં નથી.

અલબત્ત, ફિલ્મના માધ્યમમાં કે વિદેશી ચેનલોમાં જે આવે છે ત્યાં આપણા સમાજ કે રાજ્યનું કશું ચાલતું નથી. સેન્સર બોર્ડ હોવા છતાં જે પ્રકારની હિન્દી ફિલ્મો (જુઓ 'જનસત્તા' - ઍંગલ ૧૬/૫/'૯૩) બને છે તે બને જ છે, 'ઓપન સ્કાય' ટીવી ચેનલો આપણા દિવાનખંડને પારકો શયનખંડ બનાવી રહ્યું છે. કેટલાંક અખબારોમાં 'ગલગલિયાં' કરે એ રીતે 'રેપસીન' ક્ભી ક્ભી નહીં, અવારનવાર વર્ણવાય જ છે.



'સેન્સર બોર્ડ' નાબૂદ કરનાર બ્રિટનનો દાખલો જોવા જેવો છે, ત્યાંનાં પ્રક્ષકોએ એ હીનવૃત્તિને જાકારો દીધો છે. આપણા જ દેશમાં (મહારાષ્ટ્ર સિવાય) ક્યાંય નાટકોની આવી સેન્સરશીપ કે પોલીસ તપાસનો કાયદો નથી. વળી આ સેન્સર બોર્ડમાં નાટ્યકલા અને સાહિત્યના કેટલાક મહાનુભાવોય સંકળાયેલા છે, જેઓ અન્ય સ્થળે વાણીસ્વાતંત્ર્ય અને કલાની સ્વાયત્તતાની બેમોઢે વાતો કરે છે.

જો કે મૂળ મુદ્દો આ દૃશ્યો કે એમાંથી મળતા 'આર્થિક લાભ'ની વાત નથી, મુદ્દો છે નાટ્યક્ષેત્રની સ્વાયત્તતાનો, નાટ્યકલાના ગૌરવનો. એનાં ત્રણ ચાર પાસાંઓ છે : (૧) ફિલ્મ અને મુદ્રણનાં માધ્યમમાં પ્રિ-સેન્સરશીપ નથી, (૨) 'નિર્માણ' પછીના પોલીસ કાયદાઓ પૂરતા છે, (૩) નાટકની સ્ક્રીપ્ટ જોવાય છે, જ્યારે વાચન વખતે એ સંવાદો નિર્દોષ લાગી શકે, (૪) સ્ક્રીપ્ટ તપાસ પ્રિ-સેન્સરશીપ બની જાય છે, (૫) નાટક જાહેર પ્રયોગ ગણાય છે, તો 'જાહેર સભા'માં શું બોલવું એની સ્ક્રીપ્ટ તપાસાતી નથી, તપાસવી ન જ જોઈએ. તો નાટકની કેમ તપાસાય છે ? (૬) મૂળે તો એનો પોલીસ કાયદો જ બદલવાની જરૂર છે, જાહેરસભાની જેમ એની માહિતી પોલીસને મળે, તેઓને વાંધાજનક લાગે, તો પોલીસ કાનૂની રાહે પગલાં લે, અન્ય કિસ્સાઓની જેમ, (૭) એ વખતે રાજકીય દૃષ્ટિએ નાટકોની વસ્તુ તપાસવી હોય તો એ ભલે તપાસે કારણ કે ફિલ્મો કે અખબારોમાં વિરોધી સૂર આપણે સહન કરી શકીએ, સભાઓમાં કરી શકીએ પણ નાટકમાં કેમ સહન ન થાય ? (૮) કેટલાક એવું પણ માને છે કે મુંબઈનાં ધંધાદારી નાટકોના રક્ષણ માટે જ આ બોર્ડ અસ્તિત્વ ધરાવે છે, એટલે તો ટિકીટના વધુમાં વધુ ભાવ પચાસ રૂપિયા કરવા માટે ગયા વરસે સરકીટ હાઉસ એનેક્સીની જે કલાકાર મીટિંગ મળી હતી, એમાં થયેલી ચર્ચાનો બીજો શો અમલ થયો છે ?

આ નાટકોમાં સ્ત્રીઓ પ્રત્યે દેખાતાં વલણનોય એક મુદ્દો છે. સાંપ્રત ગુજરાતી ધંધાદારી મંડળીઓનાં આ નાટકોમાં સ્ત્રીઓનું કેવું ચિત્રણ થાય છે ? 'ધંધા'માં 'ઓવરટાઈમ' કરતી રાધા નોકરાણી, 'બાપુજી'ની પત્ની કે પડોશણ, વિશે એ નટીઓ, સ્ત્રી-પ્રેક્ષકો કે સ્ત્રી-સંસ્થાઓ કેમ ચૂપ રહે છે ? આ નાટકોમાં ક્યાં મૂલ્યો દર્શાવાય છે ? બોર્ડે હજી સુધી એ 'સંસ્કૃતિ' વિશે ક્યારેય અવાજ ઉઠાવ્યો છે ? કે કેટલાક નિવૃત્તોને સાચવી લેવા બોર્ડને હજી જાળવી રાખવામાં આવી રહ્યું છે ?

સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય, નાટ્યકલાની સ્વાયત્તતા, સ્ત્રીઓનું એમાં થતું ચિત્રણ, સામાજિક મૂલ્યો વગેરે વિશે ગુજરાતે હવે વિચારવું પડે. નાટ્યકલાના ખરેખરા વિકાસની ચિંતા કરવી પડે. એ માટે બિનઅસરકારક અને અસંગત 'સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ'ને બદલે 'થીએટર ડેવલપમેન્ટ બોર્ડ' જોઈએ. આ વિશે પ્રમાણપત્ર બોર્ડના નિમાયેલા સભ્યો ભલે ચૂપ રહે, સ્વાયત્ત અકાદમીના 'ચૂંટાયેલા' સભ્યોને અને પ્રેક્ષકોને એ ઉચિત નથી લાગતું કે 'ફાયનેન્શ્યલ ઓડિટિંગ'ની જેમ આવી સંસ્થાઓનું 'સોશ્યલ અને કલ્ચરલ ઓડિટિંગ' થાય ? એમાં હજી કેટલું મોડું કરીશું ?

# સેન્સરશીપ શા માટે ?

• ગિરીશ પટેલ

'જોસેફ કે.નો મુકદ્દમો' નાટકમાં ગુજરાત સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડે 'મેજિસ્ટ્રેટ નોકરના રૂપમાં કેસ ચલાવે છે અને કેસ ચલાવતાં ચલાવતાં તે નગ્ન સ્ત્રીઓના ચિત્રોવાળાં પુસ્તકમાં જોયા કરે છે' તે દૃશ્ય સામે વાંધો ઉઠાવેલો, કારણ કે તેનાથી મેજિસ્ટ્રેટના નૈતિક ચારિત્ર્યને લાંછન લાગે છે. પ્રશ્ન એ છે કે આવા મેજિસ્ટ્રેટો સમાજમાં નથી ? અને જો હોય તો મેજિસ્ટ્રેટના નૈતિક જીવન ઉપર લાંછન કોણ લગાડે છે - આવા મેજિસ્ટ્રેટો કે આવા કડવા સત્યને ખુલ્લું કરતું નાટક ? 'ઈતિહાસની બીજી બાજુ'માં મહાત્મા ગાંધીજી વિશે કેટલાંક અવતરણો અને અવલોકન સામે બોર્ડના સભ્યોને વાંધો હતો. ફરીથી પ્રશ્ન એ ઊભો થાય છે કે મહાત્મા ગાંધીજીનું જીવન એ માનવસમાજની મૂડી છે અને તેને અલગ અલગ રીતે મૂલવવાનો અધિકાર કોનો - માત્ર શાસકોનો, બોર્ડના સર્વોદયવાદી સભ્યનો, સમાજનો, લેખકનો ? ગુજરાત સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડના વલણ અને વ્યવહારને ખુલ્લો પાડતા આ બે દૃષ્ટાંતો ગુજરાત રાજ્યમાં કલાકારો અને લેખકોના અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય પરની સેન્સરશીપનું સાચું સ્વરૂપ સ્પષ્ટ કરે છે, અને આવી સેન્સરશીપ સામે કલાકારો, લેખકો, કવિઓ અને માનવઅધિકાર સંસ્થાઓના ઉગ્ર વિરોધ અને સંઘર્ષને વ્યાજબી ઠેરવવા, આ બે દૃષ્ટાંતો પૂરતાં છે. આમ તો વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર લાદવામાં આવતી સેન્સરશીપનો ઈતિહાસ અને પ્રશ્ન ઘણો વિશાળ છે. આ લેખમાં નાટ્યલેખકો અને કલાકારોના સ્વાતંત્ર્ય અને નાટ્યપ્રયોગો ઉપરની સેન્સરશીપની જ વાત કરીશું.

### ૧૮૭૬નો ડ્રામેટીક પરફોર્મન્સ એક્ટ

૧૧૫ વર્ષ પહેલાં એટલે કે ૧૮૭૬માં ધી ડ્રામેટીક પરફોર્મન્સ એક્ટ પસાર કરવામાં આવ્યો. કલકત્તામાં તે વખતે ભજવવામાં આવતા Scurrilous નાટકને અટકાવવા તે સમયના કાયદાઓ પર્યાપ્ત ન હતા, તે કારણે ૧૮૭૬ના કાયદાની આવશ્યકતા જણાયેલી, અને આ કાયદા પાછળનાં ઉદ્દેશ્ય અને કારણો દર્શાવતી કથા આ રીતે શરૂ થાય છે : "આ કાયદાનો મુખ્ય હેતુ બદનક્ષીભર્યા, સ્કરીલસ, દેશદ્રોહી અથવા અશ્લિલ દેશી (Native) નાટકો અટકાવવા સરકારને સત્તા આપવાનો છે." કાયદાના કલમ ૩ મુજબ જો સરકારને લાગે કે જાહેરમાં ભજવાયેલું કે ભજવવામાં આવનાર કોઈપણ નાટક બદનક્ષીભર્યું છે, અથવા કાયદા દ્વારા સ્થાપિત સરકાર વિરુધ્ધ અસંતોષ પેદા કરે એવું છે, અથવા નાટક જોનાર વ્યક્તિઓને ભ્રષ્ટ કરે એવું છે,



તો સરકાર આવા નાટક ઉપર પ્રતિબંધ મૂકી શકે છે. કલમ ૬ હેઠળ આવા પ્રતિબંધિત નાટકમાં ભાગ લેનાર, અથવા ભજવવામાં મદદ કરનાર, અથવા હુકમનો જાણીબુઝીને ભંગ કરી પ્રેક્ષક તરીકે હાજર રહેનારને ત્રણ મહિના સુધીની, અથવા દંડ, અથવા બંને સજા કરી શકાય. આ કાયદો હજુ પણ અસ્તિત્વમાં છે. તેની બંધારણીયતાને અલ્હાબાદની હાઈકોર્ટમાં પડકારવામાં આવેલી, પરંતુ મોટાભાગની જોગવાઈઓને બંધારણીય ઠેરવવામાં આવેલી, અલબત્ત પ્રક્રિયાની દૃષ્ટિએ કેટલીક જોગવાઈઓ ગેરબંધારણીય ઠેરવાયેલી. સર્વોચ્ચ અદાલતનો આને લગતો કોઈ ચુકાદો નથી.

### મુંબઈનો પોલીસ ધારો

ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૧૯૫૧નો મુંબઈ પોલીસધારો અમલમાં છે. ગુજરાતમાં કલમ ૩૩(૧)(wa)માં જાહેર મનોરંજન કાર્યક્રમો જેવાં કે સંગીત, નૃત્ય, મિમીક્રી અથવા નાટક વગેરે માટે લાયસેનસિંગની કે નિયંત્રણને લગતા, કલાકારોની નોકરી અથવા વર્તણૂંકને જાહેર વ્યવસ્થા, શિષ્ટતા કે નીતિ અથવા જનહિતમાં નિયંત્રિત કરવા, અને આવા કાર્યક્રમોની પૂર્વ પરીક્ષા માટે બોર્ડ નીમવા અંગે વગેરે નિયમો બનાવવાની સત્તા કમિશ્નરને અથવા જિલ્લા મેજિસ્ટ્રેટને આપવામાં આવી છે. આ કલમ હેઠળ ગુજરાત સરકારે ૨૨-૮-૬૯ના નોટિફિકેશન દ્વારા, 'ગુજરાત જાહેર મનોરંજન કાર્યક્રમો પ્રમાણપત્ર બોર્ડ'ની રચના કરી છે. આ પ્રમાણપત્રને લગતા ૧૯૭૫ના 'જાહેર મનોરંજન કાર્યક્રમો (યોગ્યતા પ્રમાણપત્ર) નિયમો' બનાવ્યા છે. બોર્ડના સભ્યો સરકાર નીમે છે અને નિયમો હેઠળ નાટક ભજવતાં પહેલાં નાટકની સ્ક્રીપ્ટ બોર્ડને મોકલી આપવાની હોય છે, અને બોર્ડ તેને મંજૂરી આપે કે ન આપે, અથવા તેમાં કાપકૂપ સૂચવી શકે.

જો સ્ક્રીપ્ટ વાંચીને અથવા બીજી રીતે બોર્ડને લાગે કે આ કાર્યક્રમની ભજવણી (૧) દેશમાં કે કોઈ પણ રાજ્યમાં કાયદા દ્વારા સ્થાપિત સરકારને હિંસા દ્વારા ઉથલાવી નાંખવા કે તેને હચમચાવી નાંખવા કોઈ વ્યક્તિને ઉત્તેજિત કે ઉશ્કેરણી કરે એમ છે, અથવા (૨) કોઈ પણ વ્યક્તિને ખૂન કરવા અથવા હિંસાત્મક ગુનો કરવા ઉશ્કેરે અથવા ઉત્તેજિત કરે તેમ છે, અથવા (૩) લશ્કરી દળો અથવા પોલીસ દળોના સભ્યને તેની વફાદારીમાંથી ચલિત થવા પ્રેરે અથવા આવા દળમાં કરવામાં આવતી ભરતીને આંચ આવતી હોય, અથવા આવા દળની શિસ્તને ધોકો પહોંચાડે એમ હોય, અથવા (૪) ભારતનાં લોકોના જુદા જુદા સમુદાયો કે વર્ગો વચ્ચે દુશ્મનાવટ કે ધિક્કારની લાગણી ફેલાવે એમ હોય, અથવા રાષ્ટ્રની અથવા કોઈ ધર્મઅનુયાયીઓની લાગણી દુભવે એમ હોય, અથવા (૫) આ નાટક કે ભજવણી બહુ અશિષ્ટ, બદનક્ષીભરી કે અશ્લિલ છે તો બોર્ડ આવા નાટકને મંજૂરી ન આપે. આ ઉપરાંત બીજી આનુષંગિક જોગવાઈઓ કરવામાં આવી છે. પરિણામે જો કોઈ પણ નાટક ભજવવું હોય તો પહેલાં બોર્ડ પાસે પ્રમાણપત્ર મેળવવું પડે અને ત્યાર પછી જ

પોલીસની પરવાનગી મળે જો પ્રમાણપત્ર વગર કે પોલીસની પરવાનગી વગર નાટક ભજવાય તો ભજવનારા વગેરે સજાને પાત્ર થાય. મહારાષ્ટ્રમાં થોડા ફેરફારો સાથે આવી જ જોગવાઈઓ કરવામાં આવી છે. આમ નાટકો માટે પૂર્વ મંજૂરી (Pre-censorship)ની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

### બંધારણનો અનુચ્છેદ ૧૯ : વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય

ભારતના બંધારણે અનુચ્છેદ ૧૯(૧) દ્વારા ભારતના દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર આપ્યો છે, અને અનુ. ૧૯(૨)માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે દેશના સાર્વભૌમત્વ અને અખંડિતતા, રાષ્ટ્રની સલામતી, પરદેશી રાજ્યો સાથે મિત્રતાભર્યા સંબંધો, જાહેર વ્યવસ્થા, શિષ્ટતા કે લોકનીતિ માટે અથવા અદાલતના તિરસ્કાર, બદનક્ષી કે ગુનાની ઉશ્કેરણીના સંદર્ભમાં રાજ્ય આ સ્વતંત્રતા ઉપર કાયદા દ્વારા વ્યાજબી મર્યાદાઓ મૂકી શકે છે. સર્વોચ્ચ અદાલત અને હાઈકોર્ટોના ચુકાદાઓએ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો સૌથી વિશાળ અર્થ કર્યો છે. વ્યક્તિ કોઈ પણ રીતે પોતાનાં વિચારો કે ભાવનાઓ વ્યક્ત કરે તે બધાં માધ્યમોને આમાં આવરી લીધા છે. અખબારી સ્વાતંત્ર્યનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્વાતંત્ર્ય પરની મર્યાદાઓની બંધારણીયતા માટે ત્રણ શરતો મૂકવામાં આવી છે : (૧) આવી મર્યાદાઓ કાયદા દ્વારા જ મૂકી શકાય, પણ એક્ઝીક્યુટીવ હુકમો દ્વારા નહીં; (૨) અનુચ્છેદમાં દર્શાવવામાં આવેલા કારણોસર જ મર્યાદાઓ મૂકી શકાય, અને (૩) મર્યાદાઓ બધી રીતે વ્યાજબી (બુદ્ધિગમ્ય) હોવી જોઈએ. આ બધા પ્રશ્નોનો આખરી નિકાલ અદાલત જ કરશે. આ શરતોની મર્યાદામાં રહીને આપણી અદાલતોએ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર પ્રિ-સેન્સરશીપને ગેરબંધારણીય ગણી નથી. અલબત્ત, આવી સેન્સરશીપે ઉપરની શરતોનો સંપૂર્ણ અને ચુસ્તપણે પાળવી પડે.

આપણે નાટકો વિશે ચર્ચા મર્યાદિત રાખીએ તો કાયદાની અને બંધારણની મર્યાદાઓ ઓળંગી જતાં નાટકો પર બે પદ્ધતિથી નિયંત્રણ મૂકી શકાય : એક તો નાટક ભજવાઈ જાય પછી જો નાટક કાયદાનો ભંગ કરતું હોય તો તેની સામે ફોજદારી કે દિવાની કાર્યવાહી કરી શકાય અને નાટક, લેખક કે ભજવનારને સજા થઈ શકે અને વળતર ચૂકવવું પડે. બીજી રીતે જો નાટક ભજવતાં પહેલાં તેને મંજૂર કરાવવું પડે અને આવી મંજૂરી મળે તે પછી જ નાટક ભજવી શકાય. આને આપણે પ્રિ-સેન્સરશીપ કહીએ છીએ. સામાન્ય રીતે કલાકારો કે લેખકો બીજી પદ્ધતિને વધારે આકરી અને સર્જનાત્મક શક્તિને કુંઠિત કરનારી ગણે છે અને પ્રિસેન્સરશીપનો વિરોધ કરે છે. જો કે વ્યવહારમાં બહુ ફેર પડતો નથી, કારણ કે નાટક ભજવાયા પછી જો સજા થવાની હોય અથવા ભારે વળતર ચૂકવવું પડતું હોય, તો પણ



લેખક કે કલાકારની સર્જકતા ઉપર નિયંત્રણો તો આવવાનાં જ. છતાં પ્રિસેન્સરશીપને વધારે ભયંકર અને સર્વ રીતે અનિચ્છનીય ગણવામાં આવે છે.

### મુંબઈ પોલીસ ધારાની જોગવાઈનું વિશ્લેષણ

ગુજરાતમાં લાગુ પડતા બોમ્બે પોલીસ એક્ટની કલમ ૩૩(૧)(wa)માં જાહેર મનોરંજન કાર્યક્રમોને લગતી જોગવાઈઓ કરવામાં આવી છે. એક તો આને લગતા નિયમો પોલીસ કમિશ્નર કે જિલ્લા મેજિસ્ટ્રેટ બનાવે છે, જો કે આવા નિયમોને રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી મેળવવી પડે. બીજું, કાર્યક્રમોની ચકાસણી માટે પૂર્વ મંજૂરી આપવા બોર્ડની રચના ક્યાં તો રાજ્ય સરકાર કરે, અથવા પોલીસ કમિશ્નર કે જિલ્લા મેજિસ્ટ્રેટ સલાહકાર સમિતિ બનાવે. ત્રણ, આ બોર્ડના કે સલાહકાર સમિતિના સભ્યોની પસંદગી રાજ્ય સરકાર અથવા કમિશ્નર કે જિલ્લા મેજિસ્ટ્રેટ કરે, પણ તેનાં ધોરણોની કોઈ સ્પષ્ટતા નથી. સત્તાવાળાઓ પોતાને ઠીક લાગે તે સભ્યોની નિમણૂક કરી શકે. આની સામે મહારાષ્ટ્રમાં કેવા સભ્યો હોવા જોઈએ તેનો નિર્દેશ કર્યો છે. ચાર, પૂર્વમંજૂરીની પ્રક્રિયામાં નાટ્યકાર કે લેખકની સામિલગીરીને માટે કોઈ અવકાશ નથી. પાંચ, બોર્ડ જે નિર્ણય કરે તેની સામે કોઈ જ અપીલની જોગવાઈ નથી. છ, પૂર્વમંજૂરી માટેનાં ધોરણોનો ઉલ્લેખ કાયદામાં કરવામાં નથી આવ્યો, જે નિયમો બનાવ્યા છે તેમાં ધોરણો દર્શાવવામાં આવ્યાં છે, પરંતુ આ બધાં ધોરણોને કાયદો અને વ્યવસ્થા સાથે કોઈ સંબંધ નથી. દા. ત. રાષ્ટ્રની ભાવનાઓને ધોકો પહોંચાડતા લખાણ સામેનો વાંધો કે અશ્લિલ કે અસંસ્કારી બાબતોને જાહેર વ્યવસ્થા (Public Order) કે કાયદો અને વ્યવસ્થા (Law and Order) સાથે કોઈ સીધો સંબંધ નથી. બંધારણના અનુચ્છેદ ૧૯માં આ બધાં કારણો અલગ અલગ બતાવવામાં આવ્યાં છે; જ્યારે પોલીસ એક્ટ હેઠળ બોર્ડનાં ધોરણોને કાયદો અને વ્યવસ્થાની કસોટીએ વધારે વ્યાજબી ઠેરવવાનો પ્રયત્ન થયેલ છે. વધારામાં આખી પ્રક્રિયા માટે ચોક્કસ સમય પણ નક્કી કરવામાં આવ્યો નથી. આમ ગુજરાત રાજ્યમાં લાગુ પડતી જોગવાઈઓ મહારાષ્ટ્ર રાજ્યમાંની જોગવાઈ કરતાં પણ વધારે અનિષ્ટકારી અને અમર્યાદિત સત્તા આપનારી છે. આખરે નિર્ણય તો પોલીસ અધિકારીઓએ કરવાનો છે.

### ગેરવ્યાજબી અને અવ્યવહારુ નિયંત્રણો

નાટકો જેવા જાહેર કાર્યક્રમો ઉપરની આ મર્યાદાઓ તદ્દન ગેરવ્યાજબી અને અયોગ્ય છે. એક તો જાહેર ભાષણો ઉપર કે ધાર્મિક પ્રવચનો માટે કોઈ આવી પૂર્વ મંજૂરીની આવશ્યકતા નથી. કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ ભાષણો કે ધાર્મિક પ્રવચનો નાટકો કરતાં કઈ રીતે જુદાં છે ? બંનેમાં મૌખિક વક્તવ્ય છે, બંનેમાં નાટકીય તત્ત્વો છે, અને ભાષણો કે ધાર્મિક પ્રવચનોમાં નાટકો કરતાં સીધી ઉશ્કેરણીની

તક વધારે છે. આ બે વચ્ચેના ભેદને કેવી રીતે વ્યાજબી ઠેરવાય ? વળી મુશાયરા, મિમીક્રી કે કવિસંમેલનોને પ્રમાણપત્ર નિયમોમાંથી મુક્તિ આપવામાં આવી છે. ઉશ્કેરણી, કોમી લાગણીઓ, અશ્લિલતા કે અસંસ્કારિતાની દૃષ્ટિએ આ નાટકો અને મુશાયરા કે કવિસંમેલન વચ્ચે કેવી રીતે ભેદ પાડી શકાય ?

બીજું, નાટકો ઉપરનાં આ નિયંત્રણો તદ્દન અવ્યવહારુ છે. માની લો, કે બોર્ડે નાટકમાં કાપકૂપ સૂચવી, પરંતુ નાટક જ્યારે ભજવાશે ત્યારે તેના ઉપર કયાં નિયંત્રણો હશે ? સિવાય કે નાટકના દરેક શૉમાં બોર્ડના સભ્યો હાજર રહે અથવા પોલીસ હાજર રહે, જે નિયંત્રણોનો અમલ કરાવી ન શકાય તેવાં નિયંત્રણો લાદવાથી સજ્જનો અને કાયદાથી ચાલનારી વ્યક્તિઓ ઉપર અંકુશ આવે છે; જ્યારે કાયદો નહીં પાળનારા તો છડેચોક ભંગ કરી શકે છે. પરિણામે કાયદાનો હેતુ માર્યો જાય છે. સેન્સરશીપનો સમગ્ર ઈતિહાસ જોઈએ તો એક બાજુ સેન્સરશીપને પરિણામે ખરેખર સારા લેખકો કે કલાકારોને સહન કરવું પડ્યું છે, જ્યારે બીજી બાજુ તે જે અનિષ્ટો રોકવા માંગે છે તે અનિષ્ટો રોકી શકાયાં નથી.

### સૈદ્ધાંતિક વિરોધ

નાટકો પરના પૂર્વ નિયંત્રણની સામેનો વિરોધ પણ અમુક જોગવાઈઓની સખ્તાઈ કે અવ્યવહારુપણા સામે જ નથી, પરંતુ પૂર્વ નિયંત્રણની પદ્ધતિની સામે છે. નાટકો ઉપરના પૂર્વ નિયંત્રણનો ઈતિહાસ તપાસીશું તો માલૂમ પડશે, કે સમાજનાં બધાં જ સત્તાકેન્દ્રોએ - રાજ્ય, ધર્મ, ઉદ્યોગો, સ્થાપિત હિતોએ - આવાં સર્જનો ઉપર એક યા બીજા પ્રકારે નિયંત્રણો લાદવા પ્રયત્નો કર્યાં છે. કારણ કે આવાં નાટકો કે સર્જનો આ મંડળોની સત્તાને હંમેશા પડકારતાં રહ્યાં છે અને આ સત્તા મંડળોએ નાટકો કે સર્જનોને હંમેશા પોતાની સામેના પડકારો તરીકે ગણેલાં છે. નાટકો અને નાટ્યલેખકોને સમાજનાં સત્તાકેન્દ્રો વધુ જોખમકારી અને ભયજનક ગણે છે તેનાથી એક વાત સ્પષ્ટ થાય છે કે સામાજિક ચેતના અને પરિવર્તન માટે નાટકો અને નાટ્યલેખકો કે કલાકારો મહત્ત્વનો ભાગ ભજવે છે, અને આ જ કારણસર તેમની સ્વતંત્રતા ઉપર, કોઈ અત્યંત તાકીદની પરિસ્થિતિ સિવાય, નિયંત્રણો બહુ જ ઓછાં હોવાં જોઈએ. અલબત્ત, સામાન્ય નાગરિકો માટેના કાયદાઓમાંથી તેઓ મુક્તિ માગી ન શકે, પરંતુ તેનાથી વધારે અને ખાસ કરીને કોઈ સત્તાવાળાની કે પોલીસની કે રાજ્યની મંજૂરી વગર કોઈ નાટક ભજવાય જ નહીં એવી જાતનાં નિયંત્રણો ન વ્યાજબી છે, ન જરૂરી છે; અલબત્ત એ વધારે નુકસાનકારી છે.

સવાલ તો વિચાર, વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો છે. એક બાજુ લેખકો કે નાટ્યકારોને પોતાના વિચારો છે -સમાજ વિશે, માણસ વિશે, ધર્મ વિશે, રાજ્ય



વિશે, કલા વિશે; બીજી બાજુએ આ વિચારો કે વક્તવ્યો અમુક પ્રકારનાં ન હોવા જોઈએ, દા. ત. રાજ્ય વિદ્રોહ કરનારા, અશ્લિલ-અરુચિકર, લોકોની લાગણી ઉશ્કેરનારા વગેરે વગેરે; એ ખ્યાલો કોઈ objective નથી કે વૈજ્ઞાનિક પદ્ધતિથી સ્થપાયેલા વિજ્ઞાનના સાર્વત્રિક કાયદાઓ જેવા નથી. આ વિચારો કે ખ્યાલો જેમની પાસે આ નિયંત્રણો લાદવાની સત્તા છે તેમના વિચારો કે ખ્યાલો છે. એટલે પસંદગી લેખકોની સ્વતંત્રતા અને સામાજિક સલામતી કે નીતિ વચ્ચે નથી, પરંતુ લેખકોના વિચારો અને નિયંત્રકો કે શાસકોના વિચારો વચ્ચે છે; અને શા માટે નિયંત્રકો કે શાસકોના વિચારોને પ્રાધાન્ય મળવું જોઈએ ? વૈજ્ઞાનિક માપદંડ હોય તો કદાચ સમજી શકાય. પરંતુ કેટલીક વ્યક્તિઓ જે આજે સત્તામંડળમાં કે બોર્ડમાં બેઠા છે તેના માપદંડો શા માટે સ્વીકારવા જોઈએ ? આવાં પૂર્વ નિયંત્રણોના કારણે લેખકો કે નાટ્યકારોના વિચારોને કે અભિવ્યક્તિને થોડા સત્તાધારી માણસોના માપદંડોથી બાંધી દેવામાં આવે છે. શા માટે કોઈ સ્વમાની સર્જકે બીજાના અનુમોદન માટે રાહ જોવી પડે ? જો તેમનું લખાણ કે નાટક સમાજના કાયદાનો ભંગ કરતું હશે તો તેનાં પરિણામો ભોગવવા એ તૈયાર થાય પરંતુ એ સેન્સરશીપો શા માટે સ્વીકારે ? આ સર્જન કે કલાના મૂળભૂત સ્વભાવથી વિરુદ્ધ છે અને ઘાતક છે. વળી વિચારો કે કલાની વૈવિધ્યતાને સેન્સર બોર્ડ કે પ્રમાણપત્ર બોર્ડના દસ કે પંદર માણસોના - તેઓ ગમે તેટલા સજ્જનો કે મોટા હોય - તેમના ખ્યાલો કે વિચારોથી માપવી કે બાંધી દેવી એ કલા અને સર્જનનું ખૂન કરવા બરાબર છે. દા. ત. ડ્રામેટીક પરફોર્મન્સ એક્ટ હેઠળના અલ્હાબાદના ચુકાદાને વાંચીશું તો ખબર પડશે કે ઈપ્ટા દ્વારા પ્રેમચંદના 'ઈદગાહ' નાટક સામેનો સત્તાવાળાનો એક વાંધો એ હતો કે પ્રેમચંદના મૂળ લેખન મુજબનું નાટક નથી. શું આ નક્કી કરવાનું કામ સત્તાવાળાઓનું હોય ? પ્રેમચંદ એ આ દેશના મહાન લેખક હતા. તેના સર્જનનાં અનેક અર્થઘટનો હોઈ શકે. એક જ સત્તાવાહી અર્થઘટન શા માટે ? આવી જ રીતે 'જોસેફ કે. નો મુકદ્દમો'માં ન્યાયાધીશનું અમુક પ્રકારના વર્તનનું દૃશ્ય શું સમાજનું સ્વરૂપ વ્યક્ત કરતું નથી ? આ દૃશ્યને બદલાવવાથી કે દબાવી દેવાથી સમાજને ફાયદો થાય ? શા માટે બોર્ડના મંતવ્યોને પ્રભુત્વ મળે ? 'ઈતિહાસની બીજી બાજુ'માં મહાત્મા ગાંધીજી વિશેનાં કેટલાંક વાક્યો સામે વાંધો ઉઠાવવામાં આવેલો. મહાત્મા ગાંધી મહાન વ્યક્તિ હતા અને તેમના વિવિધ ક્ષેત્રે કરેલાં કાર્યો અથવા વિચારો વિશે અનેક અર્થઘટનો અને મંતવ્યો હોઈ શકે. અમુક ચોક્કસ પ્રકારના ખ્યાલો જ સ્વીકાર્ય, બાકીના નહીં - આ ક્યાંથી લાવ્યા ?

ભારતના લબ્ધપ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રી એચ. એમ. સીરવાઈએ પોતાના જગવ્યાપી 'બંધારણીય કાયદા' ઉપરના પુસ્તકમાં ભારતના ભાગલા માટે મહાત્મા ગાંધી, જવાહરલાલ

નહેરુ અનતે સરદાર પટેલને જવાબદાર ગણાવ્યા છે. આ જ વાત કોઈ કદાચ નાટકમાં આવે તો તેની સામે વાંધો કેવી રીતે લેવાય ? આ જ વાત આગળ જતાં દરેક મહાન વ્યક્તિ કે મહાન પુસ્તક વિશે પણ બને. 'રામાયણ'ની મહાકથા અનેક રીતે લખાયેલી છે - તેનું એક પણ સત્તાવાહી અર્થઘટન છે નહીં, હોઈ શકે નહીં. કાલે ભારતીય જનતા પાર્ટી સત્તા પર આવે અને હિંદુ ધર્મ વિશેના તેના ખ્યાલો એક જડ માળખામાં મૂકી દે અને સત્તાવાર રીતે અપનાવે, આની સામે શું બીજાં વિચારો કે અર્થઘટનો રજૂ ન કરી શકાય ? આવી જ રીતે અશ્લિલતા કે અસંસ્કારીતાના ખ્યાલો પણ ચોક્કસ ના હોઈ શકે - સમાજ, સમય, વ્યક્તિ, સંજોગો ઉપર એ આધાર રાખે. શું પ્રમાણપત્ર બોર્ડના થોડા સભ્યોના ખ્યાલો સમાજ ઉપર ઠોકી દઈ શકાય ? હિંસાની વાતો કરવામાં આવે છે પરંતુ આજની ભારતીય ફિલ્મોમાં કાયદા વિરોધી અથવા હિંસાની તરફેણ કરતી કેટલીય વાર્તાઓ છે તેની સામે કોઈને વાંધો નથી. માત્ર નાટકમાં આ વાત ન આવવી જોઈએ, શા માટે ? વાત સ્પષ્ટ છે. કલા, સાહિત્ય, નાટક, કવિતા ઉપર કોઈનો અંકુશ કે ઈજારો ન હોઈ શકે. રાજ્ય, રાજકારણીઓ, પોલીસ, સ્થાપિત હિતો, સરકારે નીમેલા થોડા પ્રતિષ્ઠિત લેખકો કે વ્યક્તિઓ, સમાજ, ધર્મ, રાજકારણ, મહાન વ્યક્તિઓ, અર્થકારણ, સંસ્કૃતિ વિશે પોતાના ખ્યાલો એક યા બીજી રીતે લાદી ન શકે. આજે ભલે ગુજરાત સરકાર એમ કહે કે પ્રમાણપત્ર બોર્ડ નિર્દોષ છે અને નિર્દોષ રીતે દરમ્યાનગીરી કરે છે, પરંતુ આ સાચું નથી. અને માની લો કે આ સાચું હોય તો પણ સવાલ એ નથી કે પૂર્વ નિયંત્રણ બરાબર થાય છે કે નહીં; સવાલ તો એ છે કે પૂર્વ નિયંત્રણ શા માટે ? જે સમાજ અને રાજ્ય સાધ્વી ઋતંભરા, ઉમાભારતી કે બાલ ઠાકરેનાં ભાષણો ચલાવી લેતી હોય તે સમાજને નાટકો ઉપર કોઈ પ્રતિબંધ કે નિયંત્રણ લાદવાનો કે સેન્સરશીપ લાદવાનો કયો હક્ક છે ? વિચારોની દુનિયામાં મુક્ત બજાર રહેવા દો, વિચારો વચ્ચે સંઘર્ષ થવા દો. મુક્ત વિચાર અને વાણીનાં અનિષ્ટો વાણી કે વિચાર પરના સારાં નિયંત્રણો કરતાં ઓછા નુકસાનકારી નીવડશે. જરૂર છે મુક્ત વિચાર, મુક્ત વાણી, મુક્ત અભિવ્યક્તિની, જરૂર છે હિંમતવાળા અને સ્વતંત્ર નાટ્યકારો કે લેખકોની, જરૂર છે સ્થાપિત ખ્યાલો - પછી એ ગમે તેટલા પવિત્ર કે રૂઢ હોય - ને પડકારવાની - અરે ખુદ ઈશ્વરને કે રાષ્ટ્રવાદને પણ. આવો મુક્ત બંડખોર સમાજ અત્યારના સમાજ કરતાં કોઈ રીતે ઉતરતો નહીં હોય; બલ્કે વધારે જીવંત, વધારે સમૃદ્ધ, વધારે પ્રગતિશીલ અને વધારે તંદુરસ્ત હશે.



# સર્જકનું સ્વાતંત્ર્ય : થોડોક વિચાર-વિમર્શ

• સરૂપ ધ્રુવ

છે શું આ સર્જકનું સ્વાતંત્ર્ય ? ...સાહિત્યિક શૈલીની પરંપરાથી ઉફરા ચાલવું ? વિવેચકોની ઐસી કી તૈસી કરવી ? ડાહ્યા ઠાવકા સમાજને જાતીયતા-રોગ-ગંદકી-ગરીબીની ગાઢી રેખાઓથી ચિતરીને આંચકા આપવા ? ઉત્સર્ગપ્રક્રિયાને પ્રતીક-રૂપક બનાવવાં ? સ્ત્રી-પુરુષ સંબંધોના સુસ્થાપિત ચોકઠાં પર કુઠારાઘાત કરવો ? પૂર્વાચાર્યો અને પુરોગામીઓનો છેદ ઉડાડવો ? વગેરે... વગેરે... વગેરે ? — કદાચ હા અને આનાંથીયે બીજું ઘણું બધું, એટલે જ સર્જકનું સ્વાતંત્ર્ય; "ઉન્નત શિશ, મુક્ત પ્રાણ"... એ. ને એવું બીજું ઘણું બધું એટલે જ સર્જકનું સ્વાતંત્ર્ય.

ગુજરાતમાં, દેશમાં અને દુનિયામાં સર્જાતા સાહિત્ય અને રંગભૂમિ સંદર્ભે સમયે સમયે ઉપરના મુદ્દાઓ છેડાતા રહ્યા છે, ચર્ચાતા રહ્યા છે, પણ -ખાસ કરીને ગુજરાતમાં- સાહિત્ય અને રંગભૂમિ સંદર્ભે રાજ્ય-સ્ટેટ સામે, પોતાની રાજકીય વિચારસરણી વ્યક્ત કરી શકવાના સ્વાતંત્ર્ય અંગે બહુ ઓછી વાતો થઈ છે. હા, ક્યારેક ઝવેરચંદ મેઘાણીના 'મુખડા ક્યા દેખો' કે 'ચકોર'નાં ઠઠ્ઠાચિત્રોને યાદ કરી લઈએ છીએ, ને પછી દાયકાઓ સુધી ફૂલાતા ફરીએ છીએ ! એમાંય વળી આપણે ત્યાં તો પત્રકારત્વને સાહિત્યથી ' છેટું ' રાખવાની ચર્ચાઓ વધારે મોટા ગજાની કહેવાય અને - તે કરતાં રહીએ છીએ !

-ને બીજી તરફ જુઓ તો, દેશ અને દુનિયામાં રાજકીય વિચારસરણીની અભિવ્યક્તિ ઉપર જે રીતે 'સ્ટેટ'ની જંજીરો જકડાવા લાગી છે તે તો સર્જકો અને સર્જનપ્રક્રિયા ઉપરની જીવલેણ તરાપ બનતી ચાલી છે ! છેલ્લા એક જ દાયકામાં કટ્ટરવાદી ફતવા અને ફાસીવાદી દમનખોરીનાં મ્હોરાં ચડાવીને રાજકીય સેન્સરશીપે છાપો માર્યો છે; જેનો ભોગ બનેલાં સર્જકોના કેટકેટલાય ચહેરા આપણી આંખ આગળ તરવરે છે : સલમાન રશદી, સફદર હાશમી, સુખદેવ સિંહ, આનંદ પટવર્ધન, તસલીમા નસરીન, સુમા જોસન, રતિ બાર્થોલોમિયો, હબીબ તનવીર અને એવાં તો કેટલાંય નામી-અનામી સર્જકો સીધી યા આડકતરી સેન્સરશીપની ગેસચેમ્બરોમાં કાં તો ગૂંગળાઈ મૂઆં છે અથવા તો જીવતેજીવ રૂંધાઈ-ભૂંજાઈ રહ્યાં છે.

ખેર, આજે ગુજરાતી રંગભૂમિ અને રાજકીય સેન્સરશીપની જ વાત કરવી હોય તો પણ ઘણું બધું કહી શકાય -કહેવું પડે- તેમ છે. એક સ્પષ્ટતા કરી લઈએ કે 'રાજકીય' એટલે કે રાજ્યતંત્ર દ્વારા લદાયેલી, અને રાજકીય વિચારધારા ઉપર રાજ્ય દ્વારા લદાયેલી સેન્સરશીપ આ લેખમાં અને આ લડતમાં આપણને અભિપ્રેત છે. શ્લીલ-અશ્લીલનાં ફીફાં નથી ખાંડવાં. એ આપણે માટે કે સેન્સરબોર્ડ માટે મુદ્દો કે માથાનો દુઃખાવો છે જ નહિ ! જે સેન્સરશીપની આપણે વાત કરવી છે એના

ઝાઝા ઝપાટા આપણી માંડ દોઢસો વર્ષ જૂની, અર્વાચીન, અદ્યતન ને સામ્પ્રત રંગભૂમિએ જોયા નથી, પણ જેટલાયે જોયા છે-ઝીલ્યા છે એટલાથી ચેતી જવાનો સમય તો પાકી ગયો છે. આ દમન જે ગતિએ આગળ વધી રહ્યું છે તે જોતાં આવતી કાલે પ્રજાએ શું વાંચવું-ન વાંચવું, શું જોવું-ન જોવું, શું ખાવું-પીવું, પહેરવું, બોલવું, ભણવું, સાંભળવું - એ બધું નક્કી કરવાની તૈયારીમાં જ છે એ લોકો ! રંગભૂમિ અને અન્ય સર્જનપ્રક્રિયા ઉપરની રાજકીય દખલબાજી નાબૂદ કર્યે જ છૂટકો.

મૂળે આપણી ભદ્ર રંગભૂમિ રાજ્યાશ્રિત કે પછી રાજ્ય દ્વારા પુરસ્કૃત થતી આવી છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી, ઓગણીસમી સદીમાં અંગ્રેજો નવી તરાહો, નવી આબોહવા તો લાવ્યા, પણ સાથે સત્તાનો દૌર પણ ચાલ્યો. કારકુની શિક્ષણના રાહે પણ ક્યારેક જાગૃતિ આવી શકે એ વાતે એ લોકો બેધ્યાન-બેફિકર હતા. એમાંય 'ક્રીડનક' અને 'જનમનરંજક' એવું નાટક તે વળી એમનું ઈન્દ્રાસન ડોલાવી શકે એ વાતમાં માલ જ નહિ ને ?! પણ સૌથી પહેલાં હિન્દીમાં ભારતેન્દુ હરિશ્ચન્દ્ર અને પછી હિંદની અન્ય ભાષાઓમાં સત્તા સામે માથું ઊંચકીને બેઠાં થયેલાં નાટકો ભજવાવાં લાગ્યાં. અંગ્રેજ સરકાર ચેતી ગઈ. 1876માં ડ્રામેટિક પર્ફોમન્સ એક્ટ લાદવામાં આવ્યો. આજે પણ નજીવા ફેરફાર સાથે આ જ કાયદા હેઠળ નાટકોની કાપકૂપ થતી રહી છે, નાટકો અટકાવાતાં રહ્યાં છે. એ વખતે પોલીસ અધિકારીઓ નાટકોની સ્ક્રીપ્ટ તપાસીને મંજૂરીની મહોર મારતા, હવે દસ-પંદર સુજ્ઞ રસજ્ઞોની સમિતિઓ એમની મન-મુનસફી મુજબ કાતર ચલાવે છે : હરખ હવે તું હિંદુસ્તાન ! આ બધું કઈ સાંસ્કૃતિક નીતિને આધારે ચાલે છે એ પ્રશ્નનો જવાબ હજી અમને નથી મળ્યો, અને એ અંગેનો G. R. પણ અનેક વખત અમારા જેવાએ ઉઘરાણી કરવા છતાંયે જોવા નથી જડ્યો !

સુરુચિ અને સુનીતિના ખાખીધારી ને ખાદીધારી ટેકેદારોની હડફટે તો ચં. ચી. મહેતા અને જશવંત ઠાકર પણ ચડી ગયેલા. પણ આપણે બધું જોયે રાખ્યું, વેઠ્યે રાખ્યું, પસાર કર્યે રાખ્યું ! ગુજરાતના સમાજ ઉપર નાટકનો એટલો પ્રભાવ જ ક્યાં રહ્યો હતો કે આવા મુદ્દા વિદ્રોહ કે આંદોલનનું રૂપ ધારણ કરી શકે ? નાટકનાં લેખકો કે અન્ય સાહિત્યકારોને પણ ભાષામાં, શૈલીમાં, રંગમાં ને રૂપમાં પ્રયોગો કરવામાંથી એટલી ફુરસદ પણ ક્યાં રહી હતી કે સર્જકત્વના આવા પ્રાણપ્રશ્નો ઉપર ચિંતા કરે ને સવેળા જાગીને, દૃઢપણે વિરોધ જાહેર કરે ! જીવન સાથે પળેપળ અને ઈંચેઈંચ સંકળાયેલા રાજકારણને આમ ક્યાં સુધી અવગણી શકાય ? ક્યાં સુધી એનાથી અભાન રહી શકાય ? ક્યાં સુધી વિરક્તિ કેળવી શકાય ? ક્યાં સુધી નાટકના અંતે 'સુખીસેવટ' અને વાર્તાના અંતે 'ખાધું-પીધું-ને રાજ કર્યું'ના ભ્રમમાં રાચી શકાય ? - જ્યારે ખરેખરા 'રાજ' વિશેની વાતો કરનારા ઉપર રાજક નામે દૈવક અને સુલતાની નામે આસમાનીની તાગડધિન્ના ચાલી રહી હોય ! એને બદલે, નીતિના નામે જ, સર્જનપ્રવૃત્તિને ગંભીરપણે લેનારાઓ રંગમંચને વિચારમંચ તરીકે



ગૌરવ અપાવનારાઓના કાંડા કેમ કાપી નંખાય છે ? આજે જ્યારે લોકપક્ષી વિચારસરણીનો ચોમેર વિજય થતો જણાય છે ત્યારે, લોકાધિકારની લડતો ચોમેર છેડાઈ ચૂકી છે ત્યારે, તળના માણસના ચિત્તમાં પણ મૂળભૂત હક્કો મેળવવાની ચિનગારી ભભૂકી ઊઠી છે ત્યારે, અભિવ્યક્તિ ઉપર આવા ચોકી પહેરા કેમ મૂકાય છે ?

પ્રતિબંધો અને પૂર્વગ્રહો માત્ર કલા અને કલાકારને જ નથી રૂંધતા - મુક્ત, વૈકલ્પિક, સમાંતર, જીવંત વિચારપ્રવાહને - ચેતનાપ્રવાહને પણ ખાળે છે, તાજી હવાને રૂંધે છે, સડાંધને વહોરે છે, સુષુપ્તિને નોતરે છે અને પરિણામે લોકતંત્રના મોતને આમંત્રે છે.

જે રંગભૂમિ અને જે સાહિત્ય સર્જન દ્વારા લોકમાનસનું ઘડતર કરવાનું છે તે જ રંગભૂમિની ઘોર ખોદતું આ વ્યવસ્થાતંત્ર પોતાની અસલામતીને જ છાવરે છે. 'એ લોકો' એવું કશું કરી રહ્યાં છે જેનાથી 'આપણા લોકો'નો એમને ડર લાગે છે. એ લોકો આપણી અભિવ્યક્તિ દ્વારા પ્રગટ થનારા સત્યનો સામનો કરી શકે તેમ નથી. એટલે જ આપણને બોલવા દેવા માંગતા નથી... અને ડોળ કરે છે સમાજના સંરક્ષકો થવાનો ! એ લોકો સર્જન દ્વારા એવી આબોહવા કેમ ઊભી થવા દેતા નથી જ્યાં પ્રત્યેક પ્રેક્ષક, પ્રત્યેક વાચક, પ્રત્યેક નાગરિક સ્વયં સારું-નરસું-હિત-અહિત-શિવ-અશિવ તારવી શકે ! પોતે નક્કી કરેલા બીબાંમાં, પોતે પોતાના ગજે કાપેલા ને વેતરેલા ઝભલામાં ઢબૂરીને પ્રજાનું ક્યું બાળપણ એ લોકો લંબાવવા માંગે છે ? પ્રજાને ઘેનમાં, અંધારામાં ને મૌગ્ધ્યમાં ધરબીને ક્યા લોકતંત્રની માંડણી કરવા ચાહે છે - કળશ ચડાવવા ઝંખે છે ?!

સ્વતંત્રતા મળ્યાને સુડતાળીસ વર્ષ થઈ ગયાં. સર્જન દ્વારા, રંગમંચ દ્વારા, કશુંક તાજું, કશુંક તમતમતું, કશુંક રણઝણાવતું, કશુંક હચમચાવતું આવવા દેવા ન માંગતા આ સત્તાપરસ્તો અને સ્થાપિત હિતોને હઠાવ્યે જ છૂટકો... એ નહીં હટે-નહીં તૂટે તો પછી એક જ રસ્તો છે : ગેરિલા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ! ભોંયભીતર ધમધમતા નાટકો ને કાવ્યો, નવલકથા ને વાર્તાઓ એક દિવસ વિસ્ફોટશે, ને તો જ - ને ત્યારે જ - આ બંધિયાર, નોકરશાહી, સંસ્થાનવાદી, જડ-જીરણ માળખું ભોંયભેગું થશે ! પણ તે પહેલાં આપણે - સ્વતંત્ર સર્જકોએ, સ્વતંત્ર રંગકર્મીઓએ ને એવી જ સ્વતંત્રતા ઝંખતા નાગરિકોએ - એક થવું પડશે, ભેગા મળવું પડશે અને આપણી સંયુક્ત ચેતનાની શગને સંકોરીને, ઘરદીવડા બનીને પણ સર્જનનાં અજવાળાંને સંગોપવાં-સંવર્ધવાં પડશે. માની લેજો કે આજે એની શરૂઆત કરી રહ્યાં છીએ. સંકલ્પ કરીએ કે આ લડત સોળેસોળ આના માટેની હશે. સમાધાન, કીર્તિ, સત્તા કે દમન - કશાય રૂપે મળેલો એક આનો ખિસ્સા ભેગો નહીં કરીએ. પાછા ડગં નહીં ભરીએ આ રણમાંથી... ને એટલે જ નર્મદને યાદ કરીને ઘોષણા કરીએ કે - ઝટ ડહોળી નાંખો રે, મનજળ થંભેલાં !

# ગુજરાતી રંગભૂમિ, કલાપ્રવૃત્તિ અને ગુજરાત સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ

• હિમાંશુ ત્રિવેદી
થીએટર ગ્રુપ, અમદાવાદ

"આજના યુગમાં, જ્યારે આપણે ૨૧મી સદીના ઊંબરે ઊભા છીએ, એવું અનુમાન તો થઈ જ શકે કે સામાન્ય તથા દરેક ભણેલ વ્યક્તિએ કોમિક્સ તો વાંચ્યાં જ હોય; ફેન્ટમ, મેન્ડ્રેક જેવાં કોમિક્સમાં ગુંડા તત્ત્વોને હીરો ઝબ્બે કરે ત્યારે ગુંડા તત્ત્વોને ગાળો બોલતાં દર્શાવાય છે. અને તે ગાળોને ખોપરી, હાડકાં, એસ્ટ્રીક્સ વગેરે ચિન્હોથી દર્શાવાય છે : ☹ö$#*□ "

ઉપરના મથાળામાં છેલ્લા ન સમજાય તેવા જે શબ્દો છે તે કોઈ ગાળ કે ગલીચ શબ્દો નથી. તેનું આખું સ્વરૂપ છે. ગુજરાત સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ જે તો દાવો કરે છે કે તે નાટક વગેરે કલા સ્વરૂપોમાં બીભત્સતા વગેરેને ડામે છે.

પ્રિય વાચકો, 'બીભત્સ' કે 'અશ્લીલ' શબ્દના અર્થ વિશે વ્યાપક પ્રમાણમાં મતભેદો પ્રવર્તે છે, તેની ચર્ચામાં ન પડતાં એટલું કદાચ કહી શકાય કે મા, બહેનની હાજરીમાં આત્માને શરમ થાય તેવું સાંભળવું, જોવું કે બોલવું અથવા તો કૃત્ય કરવું કે અશ્લીલ કે બીભત્સ, પોતાની કે પત્નીને લઈને જવાનું મન ન થાય અને અંદરથી એવું થાય કે ના ભાઈ, 'એ' ત્યાં ન આવે તો સારું અથવા તો 'એ' જગ્યા એવી છે કે 'એને' ત્યાં ન જ લઈ જવાય — તે સ્થળ કે જગ્યા 'એ' અર્થમાં અયોગ્ય.

ધારી લો કે એક નાટક છે. જેનું નામ સામાન્ય સંજોગોમાં સામાન્ય લાગે પણ અમુક - અમુક જગ્યાએ ભાર દઈને બોલવાથી કે આંખનો ઉલાળો કરીને કે અમુક ઢાળમાં બોલવાથી અર્થ બદલાઈ જતો હોય, તેની સ્ક્રીપ્ટ ઉપરોક્ત ગુ સાં. પ્ર. બોર્ડમાં પ્રમાણપત્ર માટે આપવામાં આવે છે. સ્ક્રીપ્ટમાં ધારી લો કે ૧૦ નંબરના પાના પર બે પાત્રો, 'મગન' અને 'છગન' વચ્ચે નીચે પ્રમાણે સંવાદો લખ્યા છે :

મગન : (દૂધનો ગ્લાસ ધરતાં, છગનને) લો, પકડો.
છગન : ના, ના. તમે જ પકડો.

હવે આ સંવાદોને ગુ સાં. પ્ર. બોર્ડ માન્યતા આપે છે. પછી જોગવાઈ તો એવી છે કે નામદાર બોર્ડના અધિકારીઓ વગેરે ગમે ત્યારે સરપ્રાઈઝ ચેકિંગ પણ કરી શકે છે.



પણ લગભગ બધા જ જાણે છે કે કેટલા અને કેવા લોકો કેવી કેવી નાટ્યપ્રવૃત્તિઓ કરે છે અને એમાંથી કેટલાને આવી રીતે સર પર (માથા પર) પ્રાઈઝ આપવામાં આવ્યું છે. એકાદ પ્રસંગને બાદ કરતાં ક્યારેય નહીં. એની વે, મૂળ વાત પર પરત આવીએ તો ઉપરોક્ત સંવાદોમાં, 'અશ્લીલ' કશું જ નથી. હવે જ્યારે એ ભજવાય ત્યારે અ,બ,ક,ડ નામનો દિગ્દર્શક તેના કખગઘ નામના કલાકારને અમુક પ્રકારની શારીરિક હરકત કરવાનું કહે અને પછી 'લો પકડો' શબ્દો બોલવાનું કહે, ભલે દૂધનો ગ્લાસ હાથમાં જ હોય, તો પણ 'અમુક પ્રકારના' પ્રેક્ષક વર્ગમાંથી 'અમુક' પ્રકારનું હાસ્ય જ નિષ્પન્ન થવાનું જ; અને કેટલાંક -જેને 'કેટલાંક' એટલા માટે કહ્યાં છે કે તેવાઓની સંખ્યા દેખીતી રીતે જ ઓછી હોય તેવું લાગે છે- ઊભા થઈને જતા રહેશે. હવે આ જે 'કેટલાક' છે તેમાં પણ થોડો વર્ગ એવો છે, જેમાં સૌ પ્રથમ તો તે એટલા માટે એ નાટક જોવા ગયો હોય છે કે તેમને નાટકના નામથી, અબકડ દિગ્દર્શક કે કખગઘ અભિનેતાને કારણે પણ નાટકની ક્વોલીટીની (અથવા તો ક્વોલીટીની ઊણપની) ગંધ નથી આવતી હોતી; અને ભોળાભાવે અથવા કોઈના દોરવાયા, ગુજરાતી રંગભૂમિના ગ્રેટ રીવાઈવલમાં પોતાનો ફાળો નોંધાવવા ધસી ગયા હોય છે. બીજા થોડાક 'કેટલાક' એવા હોય છે કે જે અન્ય 'કેટલાક'ની સાથે આવી ગયા હોય છે. પણ પાછળથી એવું લાગે છે કે આ અન્ય 'કેટલાક' મારા વિશે શું ધારશે ? (કેમ કે સાથે હોય છે) - તેવું વિચારીને ઓડીટોરિયમ છોડી જાય છે. કદાચ એ જ નાટકના અન્ય કોઈ 'પ્રયોગ'માં એ તમને એકલા મળી પણ જાય !

એની વે, જોક્સ એપાર્ટ, વિશ્વની કેટલીક અવેઈલેબલ ચેનલોના જોડાણો ધરાવતાં તમારા ટી.વી. સેટમાં જોવાનું પડતું મૂકી અહીં સુધી વાંચવા માટે આભાર. જે ચેનલો પર તમે એમ.ટી.વી., ઝી ટી.વી., સ્ટાર ટી.વી. વગેરેના શ્લીલ કે અશ્લીલ કાર્યક્રમો (કે તેમાંનો કેટલોક ભાગ) જુઓ છો ત્યારે ના. ગુજરાત સરકાર એવું ચોક્કસ સમજે અને માને છે કે તમને શું જોવું અને શું ન જોવું તેની સમજ જ નથી પડતી અને તેથી તમને 'બચાવવા' ગુ સાં. પ્ર. બોર્ડ હંમેશાં સતર્ક રહે તેવું પ્રયોજન છે. દાદા કોંડકેની ફિલ્મો એટલા માટે તો ગુજરાતમાં ચાલતી નથી.

નહીં મિત્રો, અહીં ઉપરોક્ત ગંભીર લખાણનો સૂર એવો નથી જ કે મનસ્વીપણું ઉદ્દંડતા, આછકલાઈ પર કોઈ રોકટોક ન હોય. પ્રશ્ન એ છે કે તે રોકટોક કોની હોય અને કેવી હોય. આદર્શ રીતે દરેક સમાજ પોતાની સીમાઓ બાંધતો હોય છે. સીમાના ઉલ્લંઘનને સમાજ અમુક હદ સુધી જ 'હશે' કહીને ચલાવી લેતો હોય છે. એ જ રીતે મારો, તમારો, આપણો, બનેલો છે એ સમાજને પોતાને જ નક્કી કરવા દો કે શું જોવું અને શું ન જોવું, કેવું જોવું અને કેવું ન જોવું. આ દલીલના

જવાબમાં એક જબરદસ્ત દલીલ એવી કરવામાં આવે છે કે ના. સરકાર એટલે આપણા જ 'ચૂંટેલા' પ્રતિનિધિઓના મંડળને તેઓ જે કરે તે સમાજના ભલા માટે જ કરે ને ! હા, સ્વીકાર્ય છે. સરકારની મુખ્ય ફરજ છે - સંરક્ષણ, કાયદો અને વ્યવસ્થા. ધીમે ધીમે ભવ્ય ભારતમાં દરેક પ્રવૃત્તિમાં સરકારી નેશનલાઈઝેશનનું પરિણામ આપણે સૌ જોઈએ છીએ અને ભોગવીએ છીએ. હવે હમણાંથી પારોઠના પગલાં ભરવા છે તો પણ 'યુનિયનો' તે ભરવા દેતાં નથી. આ સંજોગોમાં બ્રિટિશરો દ્વારા ઘડવામાં આવેલા એક જરીપુરાણા કાયદાની ઓઠ હેઠળ કોઈ પણ સ્વરુપમાં 'સેન્સરશીપ' લાદવાની ઘટનાને મૂકપણે કેવી રીતે ચલાવી લઈ શકાય ? અને તે 'સેન્સરશીપ'થી શું અશ્લીલ નાટકો અટકી જાય છે ? - ના. પરંતુ એ તો સમાજ સાથ ન આપે તો જ અટકે, કારણ કે તો જ એ ગંદી પ્રવૃત્તિ પૈસાના અભાવે પડી ભાંગે. કારણ કે તે પ્રવૃત્તિનું મુખ્ય ધ્યેય છે - પૈસા કમાવા તે. અને સમાજના અમુક ચોક્કસ વર્ગનો તેને સાથ છે. એટલે જ તો વિશ્વભરમાં કેબરે ડાન્સથી લઈને - 'સેક્સ'ને એક્સપ્લોઈટ કરતી દરેક પ્રવૃત્તિ ધમધોકાર ચાલે છે. એ સંજોગોમાં વિશ્વના એક ખૂણામાં 'સેન્સરશીપ' લાદવાથી સમાજ સુધરી જવાનો છે ?

હકીકતમાં બને છે એવું કે જેને જે પ્રવૃત્તિ કરવી હોય તે કર્યા કરે છે. પરંતુ કેટલીક સ્ક્રીપ્ટો જે સરકારની નીતિઓને (કે અનીતિઓને) અમુક ચોક્કસ રીતે પડકારે છે તેને જ 'સેન્સરશીપ'ના ભોગ બનવું પડે છે. 'લો એન્ડ ઑર્ડર'ના નામ પર અથવા તો કોઈક જિલ્લાના કોઈક કલેક્ટરને સર્ટીફિકેટની 'ટ્રુ કોપી' નહીં પણ 'ઓરીજિનલ'ની જરૂરિયાત જણાય કે કોઈક જગ્યાએ પોલીસ ખાતાને 'તકલીફ' પડે ત્યારે જે તે 'શૉ' પર તવાઈ આવે છે.

લોકશાહી એટલે સ્વચ્છંદતા નહીં જ. પણ આપણે સૌ કેવા 'સ્વચ્છંદ' છીએ તેનો નિર્ણય સમાજની જ બુદ્ધિ પર છોડી ન શકીએ ? કે પછી જે સમાજ આવા 'રાજકારણીઓ'ને ચૂંટી કાઢે છે તેમની બુદ્ધિ પર કશું જ છોડી ન શકાય ? અસ્તુ.



# પ્રમાણપત્રનો પર્યાય

• શ્રી અશ્વિની ભટ્ટ

બ્રિટિશ રાજ્યકાળ દરમિયાન અનેક એવા કાયદાઓ ઘડવામાં આવ્યા જે દ્વારા, ગુલામ તરીકે જીવતી પ્રજાને સંપૂર્ણતઃ અંકુશમાં અને પરાધીનતામાં રાખી શકાય. આઝાદી પછી પણ, વ્યક્તિ સ્વાતંત્ર્યને ગુંગળાવે તેવા કાયદાઓ યથાવત્ રહ્યા છે અથવા નવતર અને કંઈક અંશે ખતરનાક સ્વરૂપે ઘડાયા છે. પરંતુ અહીં કેવળ અભિનેય કલાઓ પરની અને ખાસ કરીને નાટક પરની સેન્સરશીપની વાત કરવાની છે.

શાસકો અને સત્તાધીશોની પ્રખર દલીલ એ છે કે શું નાટકો થકી રાષ્ટ્રહિત જોખમાય, ધાર્મિક કે કોમી લાગણીઓ ઉશ્કેરાય, વિઘટનકારી પરિબળોનો પ્રચાર થાય કે પછી અશ્લિલતા કે સ્વછંદને પુરસ્કૃત કરે તેવાં નાટકો રજૂ થવા દેવાં તે યોગ્ય છે ? શું વ્યક્તિ કે વાણી સ્વાતંત્ર્યનો એવો અર્થ છે ખરો કે ભારતીય પ્રજાજન ગમે તે કરી શકે ?

આ દલીલ યોગ્ય છે અને તેનો સ્પષ્ટ જવાબ 'ના' છે. દરેક સ્વાતંત્ર્યને મુક્તપણે વિહરવાનો કોઈ પણ લોકશાહીનો એક માત્ર ઉદ્દેશ હોવો જોઈએ તેમ છતાં આ મુક્તિ એવી ન હોવી જોઈએ કે જેથી લોકશાહીને કે લોકશાહીમાં જીવતા અન્ય પ્રજાજનોને હાનિ પહોંચાડી શકે. આ વાત સ્વીકારીએ તો ક્યાંક, કશીક સેન્સરશીપ અનિવાર્ય બને છે. મતલબ કે સ્વાતંત્ર્યને વિવેકથી મર્યાદિત કરવું ય જરૂરી તો છે.

પ્રશ્ન એ રહે છે કે નવલકથા, કવિતા, નાટક કે ફિલ્મ માટે આ મર્યાદાઓનો અમલ કોણ કરે અને કેવી રીતે કરવામાં આવે. નવલકથા કે કવિતાના પુસ્તક કે પ્રકાશન પર, હાલ નાટક માટે કે ફિલ્મ માટે જે પ્રકારે સેન્સરશીપ છે તેવું કશું છે નહિ. આમ નવલકથા કે કવિતા કે પછી જાહેર પ્રવચનો પર કોઈ જાતનાં નિયંત્રણ નથી. આવાં નિયંત્રણ કે અંકુશ ન હોવા છતાં દેશમાં એવી કેટલી નવલકથાઓ કે કવિતાઓ પ્રસિદ્ધ થાય છે જેને કારણે રાષ્ટ્રહિત, કોમી એખલાસ, રાષ્ટ્રીય ઐક્ય કે સામાન્ય જનહિત જોખમાય છે ? આ એક સંશોધનનો વિષય છે. અને છતાં જ્યારે આવા જોખમનો ભય ઊભો થાય છે ત્યારે કાયદાકીય પ્રક્રિયા દ્વારા તેની પ્રસિદ્ધિ માટે, વિતરણ માટે, ચોક્કસ પગલાં લઈ શકાય છે, અને સજાઓ પણ થઈ શકે છે. આવું જો નવલકથા, લેખ, ભાષણ કે કવિતા માટે થઈ શકતું હોય તો નાટક અને ફિલ્મ માટે કેમ થઈ શકે નહિ ?

આમ નથી થઈ શકતું તેનાં બે કારણો છે. એક તો એ કે છપાયેલા લખાણને કંઈક પ્રયત્ન કરીને પ્રસારિત કરવાનું રોકી શકાય છે. અલબત્ત તેમાં સંપૂર્ણ સફળતા

ક્યારેક મળતી નથી. પણ આંશિક પ્રતિબંધ જરૂર ઊભો થાય છે. અલબત્ત દરેક કાયદાનો ભંગ થઈ જ શકતો હોય છે તેમ પ્રતિબંધિત લખાણોનો પણ છાની રીતે પ્રસાર થઈ શકે છે. અભિનેય કલા કે નાટકમાં આમ થઈ શકે નહિ. બીજું કારણ એ છે કે નાટક જાહેરાત વગર, ચોક્કસ સ્થળ અને સમયની જાહેરાત વગર થઈ શક્તું નથી. હા, શેરી નાટક અથવા જેને સ્ટેન્ડ-અપ પ્લે કહીએ તેવા પ્રયોગો જાહેરાત વગર થઈ શકે ખરા. પણ તેની વાત લગભગ ભાષણ જેવી છે.

સેન્સરશીપ અંગેના વિવિધ મંતવ્યો આ પુસ્તિકામાં અપાયા છે એટલે તેનું જ પુનરાવર્તન ન કરતાં તેના ઉકેલ માટે શું થવું જોઈએ તે વિચારવું જોઈએ. જ્યાં પ્રજાનો મોટો ભાગ અભણ અથવા નિરક્ષર હોય અને જ્યાં બોલાતી ભાષા, લખાયેલા શબ્દો કરતાં વધુ પ્રભાવ પાડી શક્તી હોય ત્યાં, નાટકનું મહત્ત્વ ખૂબ જ અગત્યનું બની રહે છે. સ્વનિયંત્રણ માટે કે વિવેકપૂર્ણ વાણી સ્વાતંત્ર્ય માટે પ્રજા પણ એટલી જ સુસજ્જ અને ભણેલી હોય તે જરૂરી છે. પરંતુ આ એક સ્વપ્ન જેવી વાત થઈ. એ તો જ્યારે બને ત્યારે ખરું પણ આજે શું કરવું જોઈએ ?

મારું અંગત માનવું છે કે નાટકની રજૂઆત પહેલાં નાટ્યલેખક અને/અથવા નિર્માતાએ પોતે જ પોતાની કૃતિને કેટલાંક પ્રમાણોના અનુસંધાનમાં તોલી લેવી જોઈએ. શું મારા નાટકમાં રાષ્ટ્રહિત જોખમાય, રાષ્ટ્રની વિવિધ પ્રજાઓ વચ્ચે વૈમનસ્ય ઊભું થાય, ધર્મ અને કોમો વચ્ચે વૈમનસ્ય ફેલાય, અશ્લિલતાને, નૈતિક બદીઓને, ગુનાખોરીને ઉત્તેજન મળે (વગેરે) તેવું કશું છે ? આવો માપદંડ સ્વવિવેકથી સ્વીકારીને તે પોતે જ એવો પત્ર કે સોગંદનામું રજૂ કરે અને તેને જ પ્રમાણપત્ર ગણવામાં આવે. મતલબ કે તે પત્રને જ અધિકૃત પ્રમાણપત્ર ગણીને અન્ય પરવાનાઓ આપવામાં આવે તો આખીય પ્રક્રિયા ઘણી સરળ બની રહે. આમ થવાથી વ્યક્તિ કે વાણી સ્વાતંત્ર્ય વધુ અર્થપૂર્ણ બની રહે તેમ મારું અંગત માનવું છે. અને માની લો કે આવા સ્વપ્રમાણપત્ર છતાંય કાયદાકીય જોગવાઈઓ અનુસાર કશુંક ઉલ્લંઘન થતું હોય તો તે પ્રમાણે પગલાં લેવા શાસકતંત્ર પાસે પૂરતા ઉપાયો છે. દા. ત. રાષ્ટ્રના હિતને જોખમાવે, અશ્લિલતાને બહેકાવે કે કોમો વચ્ચે વૈમનસ્ય ઊભું કરે તેવા નાટક સામે ફરિયાદ કરવાનો હક્ક પ્રેક્ષક કે પ્રજાને છે જ.

નાટકની રજૂઆત સાથે અન્ય કેટલાક વ્યવહારુ મુદ્દાઓ સંડોવાયેલા છે. પ્રથમ મુદ્દો છે સ્થળ વિશેનો. જે તે સ્થળે નાટક યોજાવાનું હોય તે સ્થળ યોગ્ય છે કે નહિ, ત્યાં લોકો ભેગાં થાય ત્યારે તેમની સલામતી જોખમાય તેવું કશું છે નહિ ને... કે પછી સામાન્ય સુવિધાઓ છે કે નહિ તે અંગે એક પરવાનો લેવાનો હોય છે. તેને પ્રિમાઈસીઝ લાયસન્સ કહે છે. પાકા બાંધેલાં થીએટરોએ આ પરવાનો દર વર્ષે લેવાનો હોય છે. કાચાં થિએટરો અથવા શમિયાણાઓમાં રજૂ થતા પ્રયોગો



પહેલાં વિવિધ બાબતો અંગે ચકાસણી કરાવીને પ્રિમાઈસીઝ યોગ્ય છે તેનો પરવાનો લેવાનો હોય છે.

તે પછી બુકિંગ લાયસન્સ મેળવવાનું હોય છે. ટિકીટોના વેચાણ માટેના આ પરવાના પાછળ બે બાબતો રહેલી છે. એક તો એ કે જે ટિકીટો વેચાઈ રહી છે તે ચોક્કસ કાર્યક્રમ માટેની ટિકીટો છે તેની ખાતરી મેળવવી અને બીજી બાબત એ છે કે મનોરંજન વેરાના નિયમોનું પાલન થઈ રહ્યું છે તેની પણ ખાતરી કરવાનો તેમાં હેતુ રહેલો છે. તે પછીનું ત્રીજું લાયસન્સ તે પરફોર્મન્સ લાયસન્સ છે.

આ પરફોર્મન્સ લાયસન્સ વગર નાટકની રજૂઆત કરવી તે ગુનો છે. હવે પરફોર્મન્સ લાયસન્સ ત્યારે જ આપવામાં આવે જ્યારે

૧ નાટક પ્રમાણપત્ર બોર્ડ દ્વારા ચકાસવામાં આવ્યું છે તેવું સર્ટિફિકેટ

૨ પ્રિમાઈસીઝ લાયસન્સ

૩ બુકિંગ લાયસન્સ

૪. ભજવનારી મંડળી કે કલાકારનો કાર્યક્રમનો સ્વીકૃતિપત્ર ઉપલબ્ધ હોય.

આમાં ૨, ૩, ૪ મુદ્દાઓ અંગે કોઈ મતાંતર હોવો જોઈએ નહિ. હા... તેમાં રહેલી એડમિનીસ્ટ્રેટીવ માથાફોડ અંગે જરૂર ઘણું કરવાનું રહે છે. પણ સૈદ્ધાંતિક દૃષ્ટિએ આ જરૂરિયાતો ખૂબ જ જરૂરી, વ્યાજબી અને વ્યવહારુ છે. પ્રશ્ન કેવળ નાટકની પૂર્વચકાસણી અથવા પ્રીસેન્સરશીપનો છે.

જે કામ પ્રમાણપત્ર બોર્ડ કરે છે અથવા કરવા માટે રચાયું છે તે જ કામ નાટકનો નિર્માતા/લેખક જાતે પણ કરી શકે. આ માટે ચોક્કસ ગાઈડ લાઈન્સ સાહિત્ય પરિષદ, સાહિત્ય અકાદમી, સંગીત નૃત્ય નાટક અકાદમી કે સાહિત્ય-નાટક-અભિનેય કલા સંસ્થાઓ, તજજ્ઞો વગેરે સાથે મળીને તૈયાર કરી શકે. અને તે પ્રમાણે નાટ્યકર્તા પોતે અથવા તેનું નિર્માણ કરતા નિર્માતા એક ચોક્કસ પ્રકારનો પત્ર પ્રમાણપત્ર બોર્ડના સર્ટિફિકેટને સ્થાને મૂકીને આગળની કાર્યવાહી કરી શકે તેવું નક્કી થાય, તો આ વિવાદ અને આ પ્રશ્નને ઉકેલી શકાય.

# એક પત્ર

• પ્રકાશ ન. શાહ

પ્રિય બારાડી,

કુશળ હશો.

સ્વાતંત્ર્યનાં મૂલ્યો માટે મથામણ ને વલોણું ચાલતાં રહે એવી એક લડતની શક્યતામાં તમે ઠીક અગ્રનિમિત્ત બન્યા ! અભિનંદન તો શું આપવાનો હતો, પણ પાડ માનું કે આપણી સંવેદના-સક્રિયતા-સમજ બધું સંકોરાતું રહી શકે એવી એક તક તમે જરૂર આપી.

ગુજરાત રાજ્યમાં સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ કોઈક તબક્કે અસ્તિત્વમાં આવ્યું એનો અર્થ સીધોસાદો હું એમ ઘટાવું છું કે નાટક એ એવી સૂક્ષ્મ બાબત છે કે એને વિશે પોલીસ માનસથી પેશ આવવું તે દુરસ્ત નથી એવું આપણા તંત્રવાહકોને સમજાઈ રહ્યું હોવું જોઈએ. (ઈંદિરા ગાંધીના કટોકટીરાજ વખતે કહેવાતું કે બાઈએ પ્રી-સેન્સરશીપ તો લાદતાં શું લાદી દીધી પણ એટલા બધા માણસો ક્યાંથી લાવવા - તે છેવટે ટિળક મહારાજના 'કેસરી'માં બન્યું તેમ એક ટ્રાફિક ઈન્સ્પેક્ટરથી રોડવવાની નોબત આવેલી !) મુદ્દાની વાત એ છે કે અભિવ્યક્તિ સ્વાતંત્ર્યમાં જે ચૈતસિક-વૈચારિક પરિમાણો રહેલાં છે એ જોતાં તેને લગતી બાબતોને કાયદો ને વ્યવસ્થાના ચીલેચાલુ અભિગમથી કેવળ પોલીસ પ્રશ્નમાં ખતવી શકાય નહીં.

તો, નાટકની સ્ક્રીપ્ટ પ્રમાણપત્ર બોર્ડ મારફતે મંજૂર થવાની વાત સાથે પોલીસનો કાંકરો જેટલે અંશે નીકળી ગયો એટલે અંશે પ્રગતિ જ સધાઈ એમ માનવામાં હરકત નથી. તે પછી ઊઠતો સવાલ એ છે કે પ્રમાણપત્ર બોર્ડ કોઈ રાજકીય રૂંધામણ કે ભીંસ મારફતે વિચારસ્વાતંત્ર્ય વિરોધી કામગીરી તો નથી બજાવતું ને ? ભૂતકાળમાં હિરેન ગાંધીની ભગતસિંહને લગતી સ્ક્રીપ્ટ કે તમારા કાફ્કાવાળા નાટકના સંદર્ભમાં બોર્ડની રૂખ ઉપરથી આપણને એવી ફાળ પડી હતી, અને આપણે સૌએ એ રૂખ બાબતે વિરોધનો વાવટો વ્યાજબીપણે લહેરાવ્યો પણ હતો.

પરંતુ એમ લાગે છે કે પ્રમાણપત્ર બોર્ડ પંડે સ્વાભાવિક જ કંઈક અસુખ અનુભવતું હોવું જોઈએ. તે રાજકીય રૂંધામણનું કરણ બહુધા બન્યું નથી એ સાચું પરંતુ જાહેર જીવનની જેમને છાલક વાગેલી છે એવા સંવેદનપટુ માણસો બોર્ડ ઉપર બેસતા હોય ત્યારે, ભલે ને દ્વિઅર્થી સંવાદો કે બેદિલી ફેલાવતું વસ્તુ જેવા મુદ્દાઓ જ તેઓ લક્ષમાં લેતા હોય તો પણ, પોતાને અંગે એમને કોઈક તરેહના સેન્સરતંત્ર જેવો ભાસ થતો હોય એવુંયે બને. આ અસુખના વારણની શોધમાં તેણે નાટકોની સ્ક્રીપ્ટને ઉત્તમ લેખે પુરસ્કૃત કરવાનો રસ્તો લીધો હશે એવું તો નથી ને ? બને



કે બોર્ડની મૂળ નિર્ધારિત કામગીરીમાં આવી પુરસ્કારવાળી નયે હોય. પણ એ એક એવો કીમિયો હોઈ શકે જે બોર્ડને સેન્સરી લાંછનથી ઉફરી એવી લેજિટિમસી કહેતાં લોકસ્વીકૃતિ રખાવી શકે.

જો બોર્ડને પોતાને પોતાની લોકસ્વીકૃતિ વિશે કે અસ્તિત્વના ઔચિત્ય વિશે આમ પ્રકારાન્તરે પણ આશંકા હોય તો એનો અર્થ એ થયો કે તેને શોભાવતા આપણા સંવેદનપટુ સાથીઓને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના સંદર્ભમાં આવાં બોર્ડોની પ્રસ્તુતતા વિશે કદાચ પ્રશ્ન થવા લાગ્યો છે. અને એ ઠીક જ છે. કેમ કે જો વિચારસ્વાતંત્ર્યનો આદર હોય અને દ્વિઅર્થી સંવાદો તરેહની પેરવીઓ સામે જ ચોંપનો ખ્યાલ હોય તો એ અર્થમાં બોર્ડની કામગીરી પરિસીમિત ને પરિભાષિત કરવી જોઈએ. હવે જો કોઈ પણ ગેરસરકારી માધ્યમમાં સરકારી પ્રી-સેન્સરશીપ ન હોય તો માત્ર નાટકની સ્ક્રીપ્ટ માટે જ પૂર્વમંજૂરી શા માટે ? પ્રત્યક્ષ ભજવણીના સંદર્ભમાં પ્રજાવર્ગો વચ્ચે બેદિલી અગર શ્લીલ-અશ્લીલના મુદ્દે સરકારી તંત્ર બાકાયદા દરમ્યાન થઈ જ શકે છે. પણ એ માટેની કાનૂની જોગવાઈઓનો આપણે ત્યાં ક્યાં તોટો છે ? બલકે, સરકારે વાસ્તવિક ભજવણીના સંદર્ભમાં દરમ્યાન થવાનું આવે ત્યારે એનો નિર્ણય નિર્ભેળ પોલીસમાનસની નીપજ ન હોય એટલા માટે એ અત્યારના પ્રમાણપત્ર બોર્ડ ઉપર બેસે છે તે અને તેવા નાગરિક અગ્રણીઓ સાથે પરામર્શપૂર્વક આગળ વધવાનું ગોઠવે એવુંયે સૂચવી શકાય. આમ થતાં પ્રી-સેન્સરશીપ જશે, અને નિરામય સ્વાતંત્ર્યની ભોંય તૈયાર થશે. જે મિત્રોએ સેન્સર પુરસ્કાર પાછો ઠેલ્યો એમણે આ દિશામાં વિચારવાનો ધક્કો આપ્યો છે એમાં શંકા નથી.

અલબત્ત છેલ્લે એક વાત ન અંબોળું તો મને અસુખ રહેશે. માટે કહી જ દઉં. બોર્ડને બિનજરૂરી જાહેર કરવા સાથે ને કરતી વખતે તમારે ને મારે જાત જોડે ને જમાત જોડે આપણા માંહેલાં ગાંગડુ તત્ત્વો સાથે કામ પાડવાની કોઈક આચારસંહિતાકીય એવી મોનિટરિંગ પદ્ધતિ ઉપજાવી લેવી જોઈશે. સરકારને જવાબ આપવા ન બંધાયેલા હોઈએ ત્યારે પણ જાતને તો આપવો જ પડતો હોય છે.

આવતી છઠ્ઠી ફેબ્રુઆરીના સૂચિત સંમેલનની સેવામાં અત્યારે તો આટલું જ સૂઝે છે.

સહૃદયતાપૂર્વક

અમદાવાદ, • પ્રકાશ ન. શાહ
૨૫-૧-૯૪

# '૮૪, '૯૦ અને '૯૩ દરમ્યાનના આ છે 'સેન્સર બોર્ડ' વિશે કેટલાક જાહેર પ્રતિભાવોના અંશો...

### અયોગ્ય !

નાટક ભજવતાં પહેલાં કલાકારોને સરકાર પાસેથી સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડનું સર્ટિફિકેટ મેળવવું પડે છે તે ન તો યોગ્ય છે કે ન ઉપયુક્ત છે; અને એવા બોર્ડના અસ્તિત્વથી કશું સારું પરિણામ હજી સુધી આવ્યું નથી - એવા મતને મારો સંપૂર્ણ ટેકો છે. . .

('મંતવ્ય', સંદેશ, ૨૭-૭-૧૯૮૪,) • સતીષ કાલેલકર

### નડતર !

રાજ્યે રાજ્યે ક્રમ કરતાં સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડોના સોયનાકાં પણ અજબ જેવાં હોય છે. એમાંથી કદમખોલ કૉમેડીઓ પસાર થઈ શકે છે. મહિલાઓને નકરી ક્રયવસ્તુ કે ભોગવસ્તુ તરીકે વાપરી ખાતી હસ્તપ્રતો ધ્રોપટ એની બહાર ચાલી આવે છે, - એટલી જ રેવાલ ઢબે, જેટલી રેવાલ ઢબે, સેન્સરબોર્ડની પરીક્ષામાંથી અશ્લીલતાની પરાકાષ્ટારૂપ મારફાડથી ભરપૂર ફિલ્મો પસાર થતી આવે છે. પ્રમાણપત્ર અંગે અવરોધ અનુભવવો પડતો હોય તો તે બહુધા રાજકીય પ્રતિભાવે ભારેલી રચનાઓને; નક્સલવાદીઓને એક વિષયવસ્તુ લેખે નિરૂપતી ખ્વાજા અહેમદ અબ્બાસની ફિલ્મને ત્રણેક વર્ષ ઉપર સેન્સર-નડતરનો અનુભવ થયો હતો કે આજ કાલ ગુજરાતમાં ભગતસિંહના જીવનકાર્યને લગતા એક નાટકને પ્રમાણપત્ર બોર્ડ તરફથી 'ગેટિંગ ઓન નર્ઝ' તરેહના વિલંબવ્યૂહનો અનુભવ થઈ રહ્યો છે તે આનાં ઉદાહરણો છે.

(સમકાલીન, મુંબઈ ૧૧-૭-૧૯૮૪) • પ્રકાશ ન. શાહ

### Imperialism !

What is the mandate given to the Board by the Government ? Is it to foster cultural activity in a free and democratic atmosphere or censor anything that it thinks is uncomfortable to it ?

And should we still continue with the script scrutiny Board which reminds one of the British Imperialist Act of 1876 requiring permission for any entertainment event by the "natives" ? Does not the Government know that other state governments have scrapped any form of censorship on the theatre performances years ago ? Should we also not have maturer and saner attitude towards our cultural expressions ?

('Indian Express' Ahmedabad 22nd July, 1984) • Hasmukh Baradi



### કાતર બુઠ્ઠી કરો !

સૌથી મહત્ત્વનો સવાલ એ છે કે ગુજરાત સરકાર પાસે એવો ક્યો અધિકાર છે કે જેની હેસિયતથી પોતાને જે ગમતું હોય અથવા તો તેમને ફાવતું હોય એવું જ લખવાની ફરજ લેખકને કે નાટક ભજવવા માંગતી નાટ્ય સંસ્થાને પાડી રહી છે ?

છેલ્લા પાંચ વર્ષમાં આવી જ રીતે સ્વ. સ્નેહલત્તા રેડ્ડી લિખિત 'સીતાની અગ્નિપરીક્ષા', ચેખોવનું 'વોર્ડ નંબર-૬' અને આ 'ઈતિહાસની બીજી બાજુ' જેવાં ક્રાંતિકારી નાટકોને ભજવવા માટે કાપકૂપની સરકારી કાતર ફેરવવાની ફરજ પડાઈ છે.

આ પ્રમાણપત્ર બોર્ડની જરૂર, સેન્સરશીપની જરૂર અંગે સરકાર હંમેશા એવી દલીલ કરતી રહી છે કે જેના કારણે સમાજના વ્યાપક હિતો જળવાય અને સમાજને નુકશાનકારક એવું કંઈ રંગમંચ પર ન ભજવાય ! પણ વાસ્તવમાં તો સ્ત્રીઓની માનહાનિ કરનારાં નાટકો છડેચોક ભજવાયાં જ કરે છે ! આ નાટકોને તો સરકાર બંધ નથી જ કરાવી શકતી પણ તેનાં નારીની માનહાનિ કરનારાં પાટિયાં પણ નથી કઢાવી શકતી ! એના માટે તો સ્ત્રી સંગઠનોને દેખાવો જ કરવા પડે છે !

આ સત્તાપરસ્ત બોર્ડની સૈન્સરશીપની કાતરને બુઠ્ઠી કરવા સમાજ પરિવર્તનનો સાચો ઈતિહાસ ઝંખતી સંસ્થાઓ અને નાટ્યપ્રેમીઓએ આગળ આવી લડવું જ પડશે !

('રંગ અને મંચ', 'જનસત્તા', ૨૮-૬-૧૯૮૪) • મનીષી જાની

### પ્રમાણિકને દંડ

નાટકોને સેન્સર કરતા ગુજરાત રાજ્ય પ્રમાણપત્ર બોર્ડની નીતિ અંગે ચર્ચા કરવા આ અગાઉ બોર્ડના સભ્યો, અગ્રગણ્ય કલાકારો, લેખકો અને અન્ય જાગૃત નાગરિકોની એક સભા મળી હતી. તે વખતે આવાં બોર્ડની જરૂરિયાત અંગે, તેની કાયદેસરતા અંગે, અસરકારક્તા અંગે વગેરે ઘણા મુદ્દા ઊભા કરવામાં આવ્યા હતા. લેખકો અને કલાકારોની ઉગ્ર માગણી હતી કે આ પ્રકારનું બોર્ડ તાત્કાલિક નાબૂદ થવું જોઈએ. સામે પક્ષે બોર્ડના સભ્યો અને કેટલાક પ્રાધ્યાપકોનો એવો મત હતો કે તદ્દન મોકળું મેદાન ક્યારેય ન આપી શકાય. આ વિષય પર જે ચર્ચાઓ થઈ એમાં એક મહત્ત્વનો મુદ્દો એ હતો કે આ પ્રમાણપત્ર બોર્ડ પાછળ કાયદાનું પીઠબળ નથી. કોઈ સંસ્થા તેનું ઉલ્લંઘન કરે તો પ્રમાણપત્ર બોર્ડ તે નાટકના શૉ બંધ કરાવી શકવાની સત્તા ધરાવતું નથી. અગાઉ એવા દાખલા બન્યા છે જેમાં કોઈ નાટકને નામંજૂર કરાયું હોવા છતાં કોર્ટનો સ્ટે ઑર્ડર લાવી નાટકના પ્રયોગો ચાલુ જ રહેલા. પ્રમાણપત્ર બોર્ડ હોવા છતાં હલકાં અને અરુચિકર નાટકો સતત ભજવાયાં જ કરે છે. દલીલ એવી કરાય છે કે સ્ક્રીપ્ટમાં કશું વાંધાજનક હોતું નથી. પણ રજૂઆતને અશ્લીલ રંગ આપવામાં આવે છે. સંવાદોમાં શ્લેષ કરીને બેહુદા ચેનચાળા કરી મનોરંજન હલકા સ્તરે લઈ જવામાં આવે છે. પણ આવું જ જો બનતું હોય તો

સ્ક્રીપ્ટને છોડી રજૂઆત પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આમાં તો પ્રમાણિક નિર્માતાઓને જ દંડ ભોગવવાનો આવે છે.

('અભિવ્યક્તિ' નાટ્યપત્રિકા - માસિક) ઑગસ્ટ '૮૪ • ભરત દવે

### પ્રેક્ષકો

(૩) નિર્માતાના જણાવ્યા પ્રમાણે સ્ક્રીપ્ટમાંની માહિતી તેમણે માન્ય પુસ્તકોમાંથી લીધી છે, તો એ બાબતમાં પણ કહી શકાય કે તમામ ઐતિહાસિક તથ્યો સામાન્ય પ્રજા સામે સામૂહિક હિતને નજર સમક્ષ રાખી મૂકવા યોગ્ય નથી હોતાં. કારણ કે સામાન્ય પ્રેક્ષક માત્ર જાડી બાબતોને જ પકડે છે, તેની સમજમાં ઈતિહાસનું સમગ્ર દર્શન નથી આવતું.

(સંદર્ભ : ઉપરોક્ત મુદ્દો ભરત દવેએ 'ઈતિહાસની બીજી બાજુ' નાટકના વિવાદ સંબંધે ઉઠાવેલ હતો.)

('વિવાદ-ચર્ચા' ચાંદની', સંપાદન : શ્રી વિષ્ણુ પંડ્યા • ભરત દવે
વર્ષ-૩૦ અંક-૧૮ તા. ૨૧ સપ્ટેમ્બર '૮૪થી ૬ ઑક્ટોબર '૮૪)

### લોકશાહી ?

નાટક ભજવવા પૂર્વે રાજ્ય સરકારનું પ્રમાણપત્ર મેળવવા માટે અવેતન રંગભૂમિના કલાકારોને જે મુશ્કેલીઓ પડે છે એની પ્રજા કે પ્રધાનોને ભાગ્યે જ ખબર હશે.

જે ધંધાદારી નાટ્યસંસ્થાઓ હોય છે એમને આમાં કશી અગવડ પડતી નથી. બલ્કે એમને તો આ નાટક માટેના 'સેન્સર બોર્ડ'થી ફાયદો જ ફાયદો છે. પરંતુ જે લેખકો અને દિગ્દર્શકો વિચારસરણી અને કલાને ખાતર, સામાજિક હેતુ અને વ્યક્તિની જાગૃતિને ખાતર નાટકનું માધ્યમ પસંદ કરે છે એમણે હેરાનગતિ વેઠવી પડે છે, અપમાનિત થવું પડે છે, શ્રમ અને પૈસા ગુમાવવા પડે છે.

આ લખનારને વર્ષો પહેલાં ખાતરી થઈ ચૂકી છે કે સ્થૂલ કામુક્તા અને હલકા મનોરંજન માટે માત્ર ધંધાદારી દૃષ્ટિએ તૈયાર થયેલાં નાટકોને સફળ કરવામાં પ્રમાણપત્ર બોર્ડે સૌથી વધુ ફાળો આપ્યો છે, ખાસ કરીને એ નાટકને નકારાત્મક રીતે જાણીતું કરીને, જાહેરતાનો લાભ આપીને, અપાવીને.

જો તમે લોશાહીમાં માનો છો તો નાટકનો નિર્ણય લોકોને જ કરવા દો. અને જો તમે લોકશાહીમાં નથી માનતા તો કવિતા, વાર્તા, નવલકથા, સંગીત અને તમામ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પ્રમાણપત્ર બોર્ડના નામે નિયંત્રણો દાખલ કરી દો...

('અરસપરસ', સંદેશ, ૨૦-૭-૮૪) • રઘુવીર ચૌધરી

### HOAX

Then, there is this hoax called the "Censor Certificate", for which you have to submit two copies of the script. I don't think anybody reads those



copies. Once when I was staging "Kya Musibat Hain", I had been given the censor clearance. Then a month after the play had been performed, I received a letter telling me that one line "Yeh bhi saali kya zindagi hein" should be deleted. First of all, that is an innocuous line. And then I received it a month after it has been cleared !

**(Indian Express** 10-9-1986) • **Arun Agnihotri**

### દોઢ રાજાવાદી તત્ત્વો !

ઈતિહાસ સાક્ષી છે કે વાંધાજનક બાબત અને રાષ્ટ્રહિત વિરુધ્ધની બાબત એનો અર્થ વ્યવહારમાં એક જ થતો હોય છે : જ્યારે જે પણ સત્તાસ્થાને હોય તે પોતાને અંગે ટીકાત્મક કશું પણ ચલાવી લેવા રાજી હોતું નથી. પોતાની ટીકા એટલે કેમ જાણે દેશદ્રોહ એવું અન્યાયી, અવિવેકી, અતિરેકી સમીકરણ શાસક મંડળી તો કરી જ બેસતી હોય છે. તે સ્વસ્થ ટીકાને, સમ્યક્ અસંમતિ સુદ્ધાંને અંધવિરોધમાં ખતવી નાખી તૂટી પડતાં હોય છે.

સાંભળ્યા પ્રમાણે બોર્ડની ગળથૂથીમાં પોલીસ અભિગમ પડેલો છે. તીનપાટ નાટકોની, ગંધારા દ્વિઅર્થી શબ્દોને તાવડે શીરો શેકી ખાતી જે સૃષ્ટિ હશે એની સાથે કામ પાડવાની તંત્રની તાકીદ અને તકાજામાંથી સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ અસ્તિત્વમાં આવ્યું હશે. ઈસમ, શખ્સ, ઓરત, આરોપી, કસુરવાર, અરજદાર, તહોમતદાર એવા દસ-વીસ જાથુકી શબ્દોની પરિઘિમાં બધ્ધ પોલીસ માનસે સદ્ભાગ્યે 'કાફકા' પર વૉરંટ નથી કાઢ્યું એ જ મહદ્ ભાગ્યની વાત છે. બાકી, પ્રતિબંધિત નવલકથા 'ટ્રોપિક ઑવ કેન્સર'ને આ જ વેજા ભૂગોળગ્રંથ માનીને દાખલ થવા દઈ શકે છે તો 'રસિયાના રાસ'ને સામ્યવાદી સાહિત્ય લેખીને એના પર દેકારો પણ બોલાવી શકે છે.

('વાંક કોનો', જનસત્તા, ૨૧-૫-૯૦) • પ્રકાશ ન. શાહ

### The Antiquated Act

Justice V K Krishna Iyar has said that battle for ideological liberation of art from the fetters of the system, which uses the appealing phrases like sedition, law and order, obscenity, is the summons of the times. If breach of peace is whipped up illegally to stifle an artist's freedom, the law must stop the violence syndrome, not encourege it banning the play.

(Sept. 1990) • From a paper for **convention on DPA**

### 15 Don'ts !

The first blatant attempt of the censor board to curb the experimental theatre activities in the state became evident in 1983 when it refused to give a clearance certificate to Bhim Vankani's adaptation of Snehlata Reddy's play "Sita". The play in which Sita attacked false religious values,

exposed Rama's double standards and challenged the ritual of "agni-pariksha", could not be staged.

The very next year, the axe fell on Samvedan's most ambitious production "Itihas Ni Biji Baju" (The other side of history). The Board simply refused to clear the script of this four hour play comprising 34 scenes.

"The certificate which the Board issues carries fifteen 'Don'ts' and if you listen to these instructions, you can never produce a drama. The instructions are vague, meaningless and contradictory", says Manvita Baradi, Co-director of the play "Joseph K. No Mukaddamo" by Garage Studio Theatre.

(**Illustrated Weekly**, June 17, 1990) • **Tapan Bandopadhyay**

### સાચો નિર્ણાયક - પ્રેક્ષક

સેન્સરશીપ એટલે નકારાત્મક ક્રિયા. મનાઈ જ ફરમાવે. પણ તે માટેય ભેજું વાપરવું પડે. આ તથા તેની પહેલાંના પ્રમાણપત્ર બોર્ડ ભેજું ન વાપરે ત્યારે તેના નિર્ણય અયોગ્ય તથા ખોટા માલુમ પડવાથી વિવાદ થતા રહે છે.

ગુજરાતી રંગભૂમિની દુર્દશા જોતાં તેને લગામને બદલે પ્રોત્સાહનની જરૂર છે. આટલો મોટો ગુજરાતી સમાજ અને આટલી બધી સમસ્યાઓને ગૂંથતા સરસ, સચોટ નાટકો અપવાદરૂપ મળે છે. ગુજરાતી નાટક એટલે અનુવાદો, ભાવાનુવાદો તથા હલકું ફારસ. શક્તિશાળી કલમની અવેજીમાં બેઢંગી સેક્સ કોમેડી ચલાવી લેવી પડે છે.

સાચો નિર્ણાયક પ્રેક્ષક છે, કોઈ માર્જીનલ પ્રેક્ષક જૂથ નહીં, પણ સર્વ સાધારણ સરેરાશ સમૂહમાં રહેલો પ્રેક્ષક. ભજવવાનાં નાટકો માટે તેનો પ્રતિભાવ નિર્ણયાત્મક છે. ઉત્તમ કૃતિ માટે પ્રેક્ષકો ન મળે એ જુદી વાત છે; પણ સારી કૃતિઓ કમાણી ઓછી આપે છે, તેથી 'ચાલુ' કૃતિઓ જ આપવી એવો સામા છેડાનો નિર્ણય ખોટો છે.

('એચ. બારાડી વિરુધ્ધ'..., **સંદેશ**, ૧૦-૬-૯૦) • **વાસુદેવ મહેતા**

**સાડા ત્રણ વર્ષ પછી**

સેન્સર બોર્ડ લોકશાહીમાં અભિવ્યક્તિની સ્વાતંત્ર્યનો ઈન્કાર કરે છે, અને કલાના ક્રમમાં અજ્જડની જેમ દખલ કરે છે. ચીમનભાઈની સરકારમાં પ્રધાનોનાં ભાષણ પર સેન્સરશીપ ન હોય અને વિધાનસભાના વિશેષઅધિકારના ઢાંકણ નીચે ગમે તે બોલાય છતાં તેના પર ઉચિતતાના બંધન ન હોય તો માત્ર નાટકને ગુનેગાર ગણીને તેને સતી બનાવવાની ફરજ સેન્સરશીપ વડે શા માટે પાડવામાં આવે છે ?



બોર્ડ લોકપ્રિય કલા અને ધ્યેયલક્ષી કલા વચ્ચેનો ભેદ સમજતું નથી યા જાળવતું નથી, અને કલા દ્વારા લોકો જાગૃત થાય અથવા આસપાસના જીવનનો સાક્ષાત્કાર થાય એવાં નાટકોને લબડધક્કે લે છે. એ સામે બારાડીનો આક્રોશ સાચો છે.

(અલ્પવિરામ, **સંદેશ**, ૧૦-૧૧-૯૩) • **વાસુદેવ મહેતા**

### A Board of "agents" ?

Theatre folk have challenged the subjective basis for judging their plays. "National interests have so far been seen as submission to the view of the board members, the chairman and the government", they say.

According to some theatre people, this is a farce. A certificate and a licence can be obtained very easily through agents who actually roam about with signed certificates and licences. Most dubious plays obtain their certificates through these agents.

(**Times of India**, 31-5-1990) • **Lester Coutinho**

### કાતરદાસોના અક્કલનાં પ્રદર્શનો !

'જોસેફ કે. નો મુકદમો' એ પહેલી નાટ્યકૃતિ નથી જેના પર કાતરદાસોએ પોતાની કાતર ચલાવી ને પછી કાયમી પ્રમાણપત્ર આપ્યું હોય. પોતાને મળેલી સત્તાનો દુરુપયોગ કરીને ગુજરાત રાજ્યના સાંસ્કૃતિક બોર્ડે આ પૂર્વે 'સખારામ બાઈન્ડર', 'દેવયાનીનું કહેવું છે', 'જંગલી કબૂતર' (નવનીત શાહ), 'નવી ગિલ્લી નવો દાવ' (ધીરુ પટેલ), 'મારો લાઈન તો તબિયત ફાઈન' (તારક્નાથ ગાંધી), 'પપ્પાનાં પાંચમા લગ્ન', 'લેડી આઈ એમ રેડી' (જગદીશ શાહ), 'મારા ઘરમાં મારી સાળી' તથા 'અબ્દુલ્લાની ચડ્ડી' નામનાં નાટકોની બાબતમાં આવાં જ કૌભાંડો કર્યાં હતાં. પરંતુ આ બધાંને ટપી જાય એવા બે કિસ્સાઓ જગદીશ શાહના 'હું પ્રધાન બન્યો' (આચાર્ય અત્રેની મૂળ મરાઠી કૃતિનું ગુજરાતીકરણ) અને હિરેન ગાંધીના 'ઈતિહાસની બીજી બાજુ' (શહીદ ભગતસિંહ વિષયક નાટક)ના છે.

'તાઉ' જેવાં નેતાઓનાં ભાષણો માટે કોઈ સેન્સરશીપ નથી, શ્લીલ-અશ્લીલ સામાયિકો કે પુસ્તકો માટે કોઈ પ્રમાણપત્ર પ્રકાશન પૂર્વે મેળવી લેવાનો આગ્રહ કાયદો રાખતો નથી. ચલચિત્રો તથા નાટકોના પ્રચાર માટે પણ કોઈ નીતિ-નિયમ કે પૂર્વે તો શું પછીથી પણ સેન્સર કરાવવાનો કોઈ કાયદો નથી. નાટક સિનેમાની જાહેરખબરો છાપવા માટે પોલીસે અખબારોને નોટિસ આપ્યાના દાખલા છે. ગમે તે ચીજવસ્તુ વેચવા માટેના વિજ્ઞાપનો નારીદેહના બિભત્સ પ્રદર્શનથી ભરપૂર હોય તો તેને અટકાવવા માટે કોઈ પ્રમાણપત્ર બોર્ડ ક્યાંય સ્થપાયું હોવાનું જાણ્યું નથી. તો નાટક સિનેમાને જ આવાં અક્કલહીન કાયદાનો ભોગ બનાવવાનું શું કારણ છે ?

પ્રજાના મનોરંજનના માલિકની માફક વર્તતા અને શું જોવું પ્રેક્ષકોના પોતાના હિતમાં છે એ નક્કી કરવાનો ઈજારો સ્વયં લઈ બેઠેલાં આવાં બોર્ડો જેટલાં વહેલાં વિખેરી નંખાય તેટલી વહેલી આઝાદી અભિવ્યક્તિને સાંપડશે.

કાતરદાસો પ્રત્યેક સમયમાં, પ્રત્યેક રૂપમાં કેવાં અક્કલનાં પ્રદર્શનો કરતાં રહે છે એની યાદી અહીં આપવાનો ઈરાદો નથી, છતાં એક વધુ પરાક્રમ નોંધ્યા વિના રહેવાતું નથી.

એક ફિલ્મમાં એક જહાજ મધદરિયે ડૂબી જાય છે. સહોદર યુવક-યુવતી માનવ વસતી વિહિન ટાપુ પર પહોંચી જાય છે. થોડા સમય બાદ બંનેને શારીરિક ભૂખને કારણે એક વૃક્ષ નજીક એકમેકને નિકટ આવતાં અને ઓષ્ટ પર ચુંબન-આલિંગન કરતાં દર્શાવાયાં. કાતરદાસોને આ અશ્લીલ ચિત્રણ લાગ્યું. નિર્માતાએ ફરી શુટિંગ કર્યું. બે સહોદર વૃક્ષની પાછળ હાથમાં હાથ પરોવીને જતાં દર્શાવાય અને પછી બીજા દૃશ્યમાં યુવતી સગર્ભા સ્વરૂપે વૃક્ષની પાછળથી યુવકના હાથમાં હાથ પકડીને બહાર નીકળે છે. કાતરદાસોએ આ પ્રદર્શન યોગ્ય ગણીને મંજૂર કર્યું !

(જનસત્તા, ૨૮-૫-૯૦) • તંત્રીલેખ

**સાડા ત્રણ વરસ પછી**

આ બોર્ડ તદ્દન નિરર્થક, નિરૂપયોગી, સરકારી વાજીંત્રના નામની આગળ 'સાંસ્કૃતિક' શબ્દ મૂકીને, ભંગારીને પણ ન ખપે તેવા પિત્તળને પોલીસ કરાયો છે. સવાલ કાતરનો નથી, કાતરદાસોનો અને તેમનાં કૌભાંડોનો છે. પોલીસ કે પ્રમાણપત્રનો નથી, આ પાખંડના પડદા ચીરવાનો છે.

સરકારે વિના વિલંબે આવાં બોર્ડોને બરખાસ્ત કરવાં જોઈએ... અમિતાભ બચ્ચને કહ્યું હતું કે કરોડો પ્રેક્ષકોએ શું જોવું અને શું ન જોવું તે દસ પંદર જણાં (કે કાતરદાસો ?) કેવી રીતે નક્કી કરે ?

(જનસત્તા, ૧૯-૧૧-૯૪) • તંત્રી લેખ

**હાસ્યાસ્પદ વાત**

આવાં બોર્ડને અમે કેવળ મૂર્ખતા સમજીએ છીએ. કેમ જે માણસની અભિવ્યક્તિને આવાં બોર્ડનાં ડીંડવાણાં રુંધે છે. આવા અવરોધકો મનુષ્ય સમાજના વિકાસને રુંધે છે. ઈ જે સમજણથી આવા બોર્ડ રચવામાં આવે છે ઈ બંધાઈ ગયેલી સમજણનાં ઝાડિયાં પાડી દેવાની, છોડિયાં કાઢી નાખવાની જરૂર છે. કશું શ્લીલ નથી, અને કશું અશ્લીલ નથી. બોર્ડમાં બેઠેલા અમલદારો કે માનદ્ સભ્યોની સંકુચિત અક્કલોને કોઈ 'રાઈટ' (અધિકાર) આપવામાં બુદ્ધિનું દેવાળું ફૂંકી નાખનારાને જણાવવાનું કે સરકારી અમલદારો અને સરકારના ચમચા જેવા સભ્યો ઘણું ખરું ખડના ખાનાર (ઢોર જેવા અક્કલ વગરના) હોય છે. કાફકાની નવલકથા એટલે શું ? કાફકા એટલે શું ? ઈ



કાંઈ કશું નો જાણનારા, બારાડીના રૂપાંતરને ભજવવાની 'ના' પાડે કે કોઈ સ્થાનમાં 'સુધારા' સૂચવે ઈ વાત કેટલી હાસ્યાસ્પદ છે !

રંગભૂમિના સર્જકમિત્રો 'સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ'ના અસ્તિત્વનો જ અસ્વીકાર કરો. બોર્ડને અભિપ્રેત કોઈ પ્રોસિજરમાંથી પસાર થવાનું ટાળો. નિયમોના ભંગ ભલે થતા રહે. એ ભંગની શિક્ષા ભલે ભોગવવી પડે. જેલમાં પૂરે ત્યાં પણ નાટક ભજવો. પોલીસ ચોકીમાં પકડીને લઈ જાય તો ત્યાં પણ નાટક ભજવો. આખરે તો તમે સર્જકો છો.

લડો. એકે એક કલાકાર સર્વત્ર લડવાનો નિર્ધાર કરે અને દૃઢતાથી પોતાનો વિરોધ પ્રગટ કરે. પરિણામ કેમ નહીં આવે ? આવશે જ.

(બોર્ડની જરૂર છે ? જનસત્તા, ૭-૭-૯૦) • લાભશંકર ઠાકર

**Culture Czars !**

RELY Upon a Gandhinagar bureaucrat to commit any absurdity, particularly when the boors are asked to play Culture Zars.

"Where ignorance is bliss it is folly to be wise". Treating the Board accordingly would amount to acquiescing in their hamhanded unrealistic, unimaginative appraisal of a valid dramatised version. The Board requires to be neatly condemned for its blatantly false approach to literature in the modern world.

Anyway, citizen only hopes the Board will take upon itself the task of creating a Naya Gujarat ?

**(Times of India**, 19-5-1990) • **'Around the town'** column

**બોર્ડના સભ્યો શું કહે છે ? ( જન્મભૂમિ'માંથી)**

બોર્ડના સભ્યો કુલ ચૌદ પૈકી પાંચ સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓએ 'જોસેફ કે.'ના કાપ વિશે આ મંતવ્યો જાહેર કર્યાં :

'મારી દૃષ્ટિએ આ સંવાદો ઉચિત છે. આ નાટક માટે હું ગેરેજ સંસ્થાને અભિનંદન આપું છું'

• અનંત આચાર્ય

'આ નાટકની ભાવવાહી અને સુંદર રીતે રજૂઆત થઈ છે. નાટકો સંદર્ભે ઘણાં સંવાદો વાંચતી વખતે એક લાગે અને ભજવતી વખતે જુદા. મારી દૃષ્ટિએ આ નાટકનાં સંવાદોમાં કાપ મૂકવા જેવું કશું નથી.'

• વસુબેન ભટ્ટ

'બોર્ડ ન જ જોઈએ એ રજૂઆત યોગ્ય નથી. આ નાટકના સંવાદો ઉચિત છે. બોર્ડે મૂકેલો કાપ એ બોર્ડની ભૂલ છે.'

• સ્મિતા શાસ્ત્રી

**કાપ વિશે પ્રેક્ષકો શું કહે છે ?**

બોર્ડના આવા પ્રમાણપત્રથી જે-તે સંસ્થાનું રેપ્યુટેશન બગડે છે. પરિણામે સંસ્થાએ લાંબો સમય સહન પણ કરવું પડે છે. આ માટે તો જો બોર્ડ 'સોરી' કહી દે તો પણ બોર્ડ આ સોરીને લાયક પણ નથી.

• સરૂપ ધ્રુવ

**રાજીનામું આપો !**

સારૂં થયું કાફકા વહેલો મરી ગયો હતો. જો એ જીવતો હોત અને આ વાહિયાત બોર્ડ વિશે જાણ્યું હોત તો તેણે આપઘાત કર્યો હોત !... બોર્ડ જો ભૂલ થઈ ગઈ એમ કહી છટકી જવા માંગતું હોય તો આ બોર્ડના સભ્યો વિશે મને શંકા ઉપજે છે... જો આવો કાપ બોર્ડના સભ્યોના વિરુધ્ધ હોય તો સભ્યોએ બોર્ડ સાથે સંમત થવાને બદલે રાજીનામું આપવું જોઈએ.

(જન્મભૂમિ, ૨૨-૫-૯૦) • નરેન્દ્ર દવે

**તમાચો મારીને ચુંબન !**

એક તરફ અશ્લીલ, બિભત્સ, સમાજ વિરોધી, નારી વિરોધી નાટકોને છૂટ તરત જ અપાઈ જાય છે, જ્યારે હસમુખભાઈ બારાડી જેવા ગુજરાતના અગ્રણી નાટ્યકર્મીના સમાજલક્ષી સ્વચ્છ નાટકને અટકાવાય છે. કારણ કે તેમાં સમાજ વિરોધી ભ્રષ્ટ રાજકારણીઓનાં કરતૂતો પર કટાક્ષ પ્રહાર હતા. આ શ્રેષ્ઠ વિદેશી નાટક જગતભરમાં ભારતભરમાં સુંદર સ્વચ્છ નાટક તરીકે ભજવાય છે, જ્યારે ગુજરાતમાં જુદું બને છે. અને આ બાદ હસમુખ બારાડીને પાછો 'એવોર્ડ' પણ અપાય છે. તમાચો મારીને ચુંબન કરવા જેવો ખેલ ઘડાયો છે.

(સમભાવ, ૩૦-૬-૧૯૯૦) • તંત્રી લેખ

**શો અધિકાર ?**

સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડમાં બિરાજેલા માંધાતાઓ નૈતિકતાના નામ નીચે સાહિત્યની ઉત્તમોત્તમ કૃતિમાંનાં વાક્યો અને શબ્દો પર પોતાની અણસમજ, અજ્ઞાનતાને છૂપાવવા કાપ મૂકે છે. આ કાપ મૂકનાર કે કૃતિને સારી નરસી ગણનાર એ લોકોને આ પ્રકારે નિર્ણય લેવાનો શો અધિકાર છે ?

નીતિમત્તાના પ્રશ્નો, છેક સંસ્કૃત નાટ્યકાળે અને ગ્રીક રંગભૂમિ જ્યારે તેના વિકાસની પરમ સીમાએ પહોંચી હતી ત્યારે પણ, મુક્તપણે નાટકોમાં ગૂંથાયા હતા, અને ભજવનારાઓએ તેમાં રહેલા સૌંદર્ય તત્ત્વને સાચવી ક્યાંયે જુગુપ્સાપ્રેરક કે



બીભત્સ ન લાગે તે રીતે નીતિમત્તાને ક્યાંય આંચ આવવા દીધી ન હતી. હા, એ વાત સ્વીકારીને ચાલવું જોઈએ કે કોઈ અમુક તમુક વ્યવસાયી ધંધાદારી નાટક ભજવતાં હોય તો તેની સામે લાલ આંખ સમાજે પોતે જ કરવી જોઈએ.

(જનસત્તા ૨૬-૬-૯૦) • પ્રા. જનક દવે

આ ઉપરાંત આજ લગીની નાટ્ય સ્ક્રીપ્ટોની ચકાસણી કરનાર બોર્ડના સભ્યો ખૂબ જ સંકુચિત માનસના, સાહિત્ય તથા નાટ્યના નૂતન પ્રવાહોથી તદ્દન વિમુખ તથા નાટક વિશેની સૂઝવિહોણા પુરવાર થયેલા છે.

ગુજરાતના કલાકારો ઈચ્છે છે કે, સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડને મુખ્ય પ્રધાન શ્રી ચીમનભાઈ પટેલ અગ્નિદાહ આપે !

(૩૧-૫-૯૦) • ચિત્રલોક (સ્પોટલાઈટ)

**પ્રેક્ષકોની પણ !**

આ માત્ર કલાકારોની ઝુંબેશ નથી પરંતુ નટ અને પ્રેક્ષક બંનેની સંયુક્ત લડત છે - મુક્તિ માટેની, મુક્ત અભિવ્યક્તિ માટેની.

(જન્મભૂમિ, ૨૧-૫-૯૦) • હિરેન ગાંધી

**Outlived !**

The certificate board has outlived its relevance, role and responsibilities.

**(Times of India, 26-7-1990)** • **Ramesh M. Bhatt**

**Outdated !**

One can not but agree with the campaigners when one sees hopelessly outdated rules framed by the Board's some ignoramus. And these need to be totally changed do suit the times.

**(Times of India, 17-7-90)** • **Goverdhan Panchal**

**Review it !**

It is high time that entire structure and functions of the Board are reviewed by the government.

**(Times of India, 31-5-90)** • **Vijaya Desai**

**We must censure The Board !**

In fact, why does not the Board respond to our innumerable requests for supply of rules, GRs etc. under which it operates ? Is the Board so authorised that it can include and exclude the norm (No. 12) regarding 'objectionable' material at its sweet will ?

**(Times of India, 2-6-90)** • **Janak Raval**

## અર્થહીન સૂચનાઓ !

'ગરાજ થિયેટર'ને આપેલા પ્રમાણપત્રની પાછળ કેટલીક 'સૂચનાઓ' જોતાં લાગે છે કે આ બોર્ડ હજી બ્રિટિશ રાજના જમાનામાં જ જીવે છે. નહીં તો આવી અર્થહીન સૂચનાઓ ઘડે નહિ.

(જનસત્તા, ૪-૬-૯૦) • ગોવર્ધન પંચાલ

પ્રેક્ષકોની સદ્‌બુદ્ધિ પર જ આ સવાલ છોડી દેવો જોઈએ. બોર્ડને છેતરીને પણ નઠારાં નાટકો તો ભજવાય જ છે. પણ કેટલાંકને મનમાં ડર હોય એનું શું ? પણ એ ડર કાઢવો જોઈએ. હું લઢીને થાકી ગયો છું. તમે ન થાકો એમ ઈચ્છું છું.

(વડોદરા) • ચંદ્રવદન ચી. મહેતા

## પ્રસ્તુતા મરી પરવારી છે

નાટક આખરે પ્રેક્ષકોએ જ જોવાનું છે. આપણે પ્રેક્ષક પર જ એટલું ન છોડી શકીએ કે એણે શું જોવું છે અને શું નથી જોવું ? આમ, પ્રમાણપત્ર બોર્ડની પ્રસ્તુતા તો ક્યારની મરી પરવારી છે.

(તંત્રીલેખ, ૨૩-૮-૧૯૯૦) • સમભાવ

## 'Rightly so, I suppose' !

Hasmukh Baradi's rejection of Gujarat State certification Board's award for his play 'Akhun Aayakhun Pharithi' is consistent with his denunciation of the Board. The Board, he points out, rightly so I suppose, has neither the moral authority nor competence to judge the quality of the scripts it receives for certification.

(Theatre notes, **Times of India,** June 1993) • **S. D. Desai**

*(Now Shri Desai is himself a member of the present Board !)*

## સર્જન અને સત્તાનો ગજગ્રાહ

કોઈ પણ પ્રવર્તમાન રાજ્યતંત્ર હંમેશાં ટકી રહેવાના સંદર્ભમાં વિચારે છે. ગુજરાતીમાં જો કંઈક નવું લખાય, ભજવાય જે આમજનતાને જાગ્રત કરે, સાચી લોકશાહી લાવે તો કદાચ ભદ્ર વર્ગના વર્ચસ્વાળી આ વ્યવસ્થા જોખમાય. આથી આવું લખનારા-ભજવનારાઓને 'ઑર્ડર'માં લાવવા માટે તંત્ર પ્રમાણપત્ર બોર્ડ જેવાં માળખાંઓ ઊભાં કરે.



કમનસીબે ગુજરાતનો પ્રજાઆક્રોશ માછલાં અને ગાય જીવાડવાની જીવદયા પ્રવૃત્તિથી આગળ વધીને માનવની સર્જકતાને પ્રફુલ્લિત કરનાર પરિસ્થિતિ સર્જવા સુધી પહોંચ્યો નથી.

ઝી-ટીવી. કે સ્ટાર-ટી.વી.એ તો બેડરૂમ દૃશ્યોને દિવાનખંડમાં લાવી મૂક્યાં છે. છતાં આ માધ્યમ સામે કશું કરી શકાતું નથી. હરીફરીને માત્ર નાટક જ હાથ ચડે છે. તેમાં પણ 'બૈરી' કે 'લફરાં' કે 'લાઈનવાળાં' નાટકોને કોઈ જ વાંધો આવતો નથી. થોડી સામાજિક ચેતના, ન્યાય કે સામાજિક સુધારાની વાત આવી કે જાણે તંત્ર હલબલી ઊઠે છે.

('અત્રતત્ર', જનસત્તા, ૧૦-૧૨-૯૩) • વિદ્યુત્ જોશી

## હલકું મનોરંજન આપતી સંસ્થાઓને રક્ષણ !

પ્રમાણપત્ર બોર્ડ સવેતન રંગભૂમિવાળાની હલકું મનોરંજન પૂરું પાડતી કૃતિઓને પ્રમાણપત્ર દ્વારા રક્ષણ આપતી સંસ્થા બની ગઈ હોય એવું લાગ્યા કરે છે. કોઈ પણ પ્રકારે ધંધાદારી માણસો પ્રમાણપત્ર મેળવી લે છે અને બેફામ ધંધો ધીકાવે છે.

તેમને આમ મોકળાશ મળે અને પ્રશિષ્ટ કૃતિઓ રજૂ કરવાની હામ ભીડતી અવેતન રંગભૂમિની સંસ્થાઓ પછડાટ ખાધા કરે એવી રચના થઈ ઊઠી છે તેને ડામવા શિષ્ટ નાટ્ય ચાહકો ઉત્સુક બને એમાં આશ્ચર્ય શેનું ?

(પરોઢનાં અંધારા, જનસત્તા, ૨૩-૫-૯૦) • ઈલા પાઠક

## દંડાશાહી !

પોતાને વિકાસશીલ કહેવડાવતાં અને જ્યાં સ્વાયત્તતાની હરદમ વાત થતી હોય છે એવા ગુજરાતમાં આ પ્રકારની 'દંડાશાહી' કેવી રીતે ચાલી શકે ? 'સ્ક્રીપ્ટ' એ તો સાવ 'કાચો માલ' છે. એના આધારે કશું મૂલ્યાંકન ન થઈ શકે. જે કંઈ રજૂઆત, અભિવ્યક્તિ થતી હોય તે જ અસર કરનારી હોય છે. તો પછી સ્ક્રીપ્ટને પ્રિ-સેન્સર કરવાનો શો અર્થ છે ?

(જન્મભૂમિ, ૩૦-૧૧-૯૩) • મુકુન્દ પંડ્યા

## Largest Democracy ?

When we proudly proclaim ourselves to be the largest democracy in the world, why do the Governments in Gujarat and Maharashtra still hold on to the colonial laws legislated by the British imperialist regime ?

**(Times of India, 21-1-94)** • **Suresh Menon**

## દીર્ઘ મૌન

ગુજરાત સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડના નિયમો અને એના જવાબની બાંહેધરી બોર્ડના અધ્યક્ષ દ્વારા અપાયા છતાં, આટલું દીર્ઘ મૌન તેઓ કેમ ધારણ કરી બેઠા હશે ?

(ગેરેજ સ્ટુડિયો) • જનક રાવલ

(તા. ૩૧-૫-૯૦ની **જનસત્તા**ની આ જાહેર અપીલ પછી અને એ પછી પણ અવારનવાર અનેકો દ્વારા થયેલી આવી વિનંતી અનુત્તર જ છે. તા. ૨૪-૧-૯૪)

**રાજકોટ**

કલા અભિવ્યક્તિની સ્વતંત્રતા પરના તરાપ સમી બોર્ડની કામગીરીના આ વિરોધમાં શ્રી જયંત રેલવાણી, પુષ્પકુમાર પુરોહિત અને શ્રી અશોક ચંચલે સૂર પુરાવી, સરકારની આ પ્રિસેન્સરશીપની નાબૂદીની માગણી કરી છે.

(રાજકોટ, ૬-૧૧-૯૩) • સંદેશ

**સુરત**

પરંતુ શું આ સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડની અન્યાયી પ્રણાલિ માત્ર અમદાવાદનાં કલાકારોને જ સ્પર્શે છે ? સુરત, નવસારી અને મુંબઈનાં નાટ્યજૂથોને પણ એમની પાસે માથું ટેકવવું પડે છે, અને આખરે તો આ પ્રશ્ન કલાના સ્વાતંત્ર્યને જઈ સ્પર્શે છે. તો બધાં શા માટે જેહાદ જગાડતા નથી ? કે પછી તેઓ મીંઢા બની ચૂપ રહેવા માગતા હશે ?

(નવગુજરાત ટાઈમ્સ, સુરત, ૨૨-૧૨-૯૩) • બકુલ ટેલર

## બોર્ડના સભ્યો

હકીકતે ગુજરાત અને આખા દેશમાં કોઈ 'સાંસ્કૃતિક નીતિ' જ નથી. નહીં તો 'સ્વાયત્ત અકાદમી'ઓ અને 'સેન્સર બોર્ડ' એક સાથે એક તંત્રમાં હોય એનું કોઈ લોજિક નથી. એ વિશે સર્વગ્રાહી નીતિ ઘડવા માટે સહુ રંગકર્મીઓ અને બુદ્ધિજીવીઓએ સરકારને સહાય કરવી જોઈએ; બોર્ડના સાહિત્યકાર-રંગકર્મીઓને આ બોર્ડમાંથી મુક્ત થવા આગ્રહ કરવો જોઈએ. આ બોર્ડમાં આ સભ્યો છે : સર્વશ્રી મણિભાઈ શાહ (અધ્યક્ષ), અમૃતલાલ ઠક્કર (હવે નિવૃત્ત), બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટ, અનંત આચાર્ય, દિલીપ રાણપુરા, ચંદ્રકાન્ત પુરોહિત, વસુબેન ભટ્ટ, એસ. ડી. દેસાઈ, સ્મિતા શાસ્ત્રી, કાન્તિ રામી, રજનિકુમાર પંડ્યા, યાસિન દલાલ, ઉત્પલ ભાયાણી, માર્કંડ ભટ્ટ.

(૨૫-૧૧-૯૩) • જનસત્તા



# 'સેન્સર બોર્ડ' અંગેના અંગત પત્રોમાંથી...

We writers are against all type of censorship and favour freedom of expression in a democratic society for healthy growth of creativity.

(Adipur, 3-11-03) • **Lekhmi Khilani**

નાટક સહિતના શબ્દ માધ્યમ પર વહીવટનો વંચો ચલાવનાર બોર્ડ વળી કોણ ? અશ્લીલ નાટકો હશે તો સમાજ પોતે જ તેનો વિરોધ કરે એવી ભૂમિકાની અપેક્ષા રાખવી જોઈએ. બાકી, નાટ્ય લેખન પર કાતર ફેરવવાનું વલણ નિરર્થક છે અને તેનો સખત વિરોધ થવો જોઈએ. ગમે તેવા વિદ્વાનને પણ તેનો અધિકાર સુપરત ન થઈ શકે હા, મોટા ભાગના લોકો પોતાની સ્વાર્થપૂર્તિ માટે તરફેણ કે વિરોધનો ખેલ કરતા હોય તેની સાથે હું સંમત થતો નથી.

(૨૨-૭-૯૨) • વિષ્ણુ પંડ્યા

હું નાટ્ય સંગીત અકાદમીના સભ્યમિત્રોને એમાંથી રાજીનામાં ધરી દે તેવી હાકલ કરવા ધારું છું. સમાજ અને સરકારનાં બની બેઠેલા ચોખલિયાઓની ચરબી ઉતારવી છે. તમને સફળતાની શુભકામના.

(આણંદ, ૧૬-૧૧-૯૩) • જોસેફ મેકવાન

**In Maharashtra also !**

The history of Censor Board for theatre, at least in Maharashtra, amply proves that it is a hinderance to creativity. Surprisingly, statements likely to instigate people into communal violence and titillating scenes, which almost amount to soft-porn, in many grossly commercial plays (known as 'hit and hot' plays in Maharashtra) are not objected to by these Censors; it is the play like 'Sakharam Binder' that are objected to. What does this prove ?

There is no censorship in other states in India. Why this descrepancy ?

(In a letter to Gujarat Censor Board, 16-12-1993) • **Rajeev Naik**

સેન્સર બોર્ડ સામેની જેહાદને અમારો ટેકો છે :

(ભાવનગર, ૧૦-૧૨-૯૩) • ડી. જે. જાડેજા, પ્રમુખ, કલામિત્ર એસોસિએશન

I perfectly agree with you that artists, dramatists and actors must resist the censorship, which is against the freedoms given in Constitution. I support the cause.

(Bhavnagar, 3-12-93) • **Sudarshan Majithia**

ગુજરાત સરકારની સેન્સરશીપ પહેલેથી જ એબ્સર્ડ નાટક જેવી રહી છે. સરકારોમાં ડબલ સ્ટાન્ડર્ડ હોય છે, પણ ગુજરાતમાં કોઈ સ્ટાન્ડર્ડ નથી. મારો તમને ટેકો છે.

(મુંબઈ, ૨૪-૧૧-૯૩) • તારક મહેતા

સેન્સર બોર્ડ સામે તમારી જેહાદ હું સમજી શકું છું. આઈ.એન.ટી. જ્યારે મુંબઈમાં સેન્સરનો વિરોધ નથી કરતી તો ગુજરાતમાં કઈ રીતે કરી શકે તેનો વિચાર કરવો રહ્યો.

અમારા મહારાષ્ટ્રમાં સેન્સર બોર્ડ અને એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ બંને અંદરોઅંદર વણાયેલા છે. એકને અડકીએ તો બીજો વિભાગ અમારા ઉપર તૂટી પડે.

મુંબઈનો ગુજરાતી નાટ્યનિર્માતા સંઘ ગુજરાતના સેન્સર બોર્ડને સહકાર આપવો એવા મતનો છે. મુંબઈના નિર્માતાઓને સંપૂર્ણપણે ગુજરાતનું સેન્સર બોર્ડ મદદ કરે છે. આ ગુંચવણમાં હું મારો મત નક્કી કરી શકતો નથી. રૂબરૂ મળીએ, તો વધારે નક્કર નિર્ણય લઈ શકીએ.

(મુંબઈ, ૧૧-૧-૯૪) • દામુભાઈ ઝવેરી

ભરૂચના તમામ કલાકારો તમને ટેકો આપશે.

(ભરૂચ, ૨૩-૧૨-૯૩) • તરૂણ બેંકર

તમારી સાથે સો ટકા સંમત. કશેક લખવું છે. બોર્ડમાં હતો ત્યારે પણ મારું વલણ કલાઓ બાબતે હંમેશાં PURE રહ્યું છે. તમારો ધખારો સમજી શકું છું.

(દિવાળી '૮૯) • પ્રવીણ દરજી

Never ever feel lonely in such fight, for we all are with you.

(Surat) • **Rafat** and Nayeem Quadri

અહીંના 'ટાઈમ્સ'માં જે અહેવાલો આવ્યા તે પરથી તમારા ધર્મયુદ્ધનો અંદાજ આવે છે. આ જરૂરી હતું અને તમે તે કર્યું છે તેથી ગૌરવ થાય છે. મને આ દુર્વ્યવસ્થા કદીય ગમી નથી.

(મુંબઈ, ૧૦-૧૧-૯૩) • ગિજુભાઈ વ્યાસ

હું સેન્સર બોર્ડ સામેના તમારા વિરોધ સાથે સંપૂર્ણ સહમત છું.

(મુંબઈ, ૬-૧૧-૯૩) • ડૉ. વિનાયક પુરોહિત

It is ridiculous that police permission is required for a performance of a play ! I think we are cheating ourselves when we talk of being free in this country...

(Bombay, 19-12-93) • **Sunil Desai**



આપને સેન્સર બોર્ડકે પાખંડના પર્દાફાશ કર, એવોર્ડકો ઠુકરા દિયા હૈ યહ જાનકર સચમુચ બહુત ખુશી હુઈ.

(વલ્લભવિદ્યાનગર, ૧૪-૭-૯૨) • સનતકુમાર

ખોંખારો ખાવા બદલ અભિનંદન.

(ગાંધીનગર, દિવાળી '૮૯) • હરિકૃષ્ણ પાઠક

સેન્સરશીપ જ શું કામ, ઘણું બધું અવળચંડું જે બ્રિટિશરોના સમયથી ઘૂસી ગયું છે તે જવું જોઈએ. પરંતુ બ્રિટિશ સરકારના કારભારને સારો કહેવડાવે એવો કોહેલો કારભાર કરતી 'આપણી' સરકાર કુલડીમાં મ્હોં સંતાડે છે તે સારું શું છે એ ક્યાંથી જોઈ શકે ?

(મુંબઈ, ૬-૧૨-૯૩) • પ્રતાપ ઓઝા

વધુ માહિતી મોકલશો તો સૌરાષ્ટ્ર-વ્યાપી આંદોલન ઉઠાવીશું, અમે સાહિત્ય, રંગમંચ અને સંગીતક્ષેત્રે પ્રજામાં જાગરૂકતા કેળવી છે.

• અઝીઝ ઈબ્રાહીમ

(રાજકોટ, ૨૯-૧૨-૯૩) • મગનલાલ ગંધા

આવું બોર્ડ સંખાય જ કેમ ?

(રાજકોટ, ૮-૧૧-૯૩) • જયંત રેલવાણી

બોર્ડને તમે આપેલો જવાબ એમના જૂઠા વેશને ખુલ્લો પાડતો સ્પષ્ટભાષી છે.

(વડોદરા, દિવાળી '૮૯) • રમણ સોની

# પરિશિષ્ટ

૧.

**ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડની સંપૂર્ણ નાબૂદી માટે ગુજરાતના કલાકારો, કર્મશીલો અને જાગૃત નાગરિકોનો સૌ પ્રથમ ઠરાવ :**

**સ્થળ :** પ્રેમાભાઈ હોલ **સમય :** ૨૩ જુલાઈ, ૧૯૮૪
**સંદર્ભ :** 'ઈતિહાસની બીજી બાજુ' નાટક સાથે 'બોર્ડ'નો વ્યવહાર

"આજે તારીખ ૨૩ જુલાઈ, ૧૯૮૪ના રોજ પ્રેમાભાઈ હોલ ખાતે મળેલી અમદાવાદની નાટ્યકલા સંસ્થાઓ અને કલારસિકોની સભામાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે કોઈપણ કલાકાર માટે પોતાની કલામય અભિવ્યક્તિ પ્રદર્શિત કરવાનો અધિકાર મૂળભૂત અને અબાધિત છે, એટલે ગુજરાત રાજ્યના માહિતી ખાતા હેઠળ ચાલતા સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડનો અને કોઈપણ પ્રકારની પ્રિ-સેન્સરશીપનો અમે સંપૂર્ણ વિરોધ કરીએ છીએ અને તેની નાબૂદી માટે સંપૂર્ણ રીતે લડી લેવા કટિબદ્ધ બનીએ છીએ."

**સૌ પ્રથમ 'ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ' નાબૂદી સમિતિ :**

**સ્થળ :** પ્રેમાભાઈ હોલ **સમય :** ૨૩ જુલાઈ, ૧૯૮૪
**સભ્યો :**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી જશવંત ઠાકર | ૨ | શ્રી ગિરીશ પટેલ |
| ૩ | શ્રી અશ્વિની ભટ્ટ | ૪. | શ્રી વિનોદ જાની |
| ૫ | શ્રી મનીષી જાની | ૬. | શ્રી હિરેન ગાંધી |

**૧૯૯૦ની 'સેન્સર બોર્ડ નાબૂદી સમિતિ'નો ઠરાવ :**

**સ્થળ :** વિઝ્યુઅલ આર્ટ સેન્ટર **સમય :** ૮ જુલાઈ, ૧૯૯૦
**સંદર્ભ :** 'જોસેફ કે. નો મુકદમો' નાટક સાથે 'બોર્ડ'નો વ્યવહાર

"આથી અમે, ગુજરાતની રંગભૂમિના કલાકારો, બુદ્ધિજીવીઓ, કર્મશીલો વગેરે ઠરાવ કરીએ છીએ કે ગુજરાત સરકાર દ્વારા રંગભૂમિની પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ લાદતું જે 'ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ' ચાલે છે તેને બિનશરતી રીતે તાત્કાલિક નાબૂદ કરવામાં આવે કેમકે તે અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના મૂળભૂત લોકશાહી અધિકારો અને મુક્ત સાંસ્કૃતિક પ્રવૃત્તિ પરની સત્તાધારીઓની તરાપ છે."



**૧૯૯૦ની 'ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ' નાબૂદી સમિતિ :**

**સભ્યો :**

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉ. સરૂપબેન ધ્રુવ | ૨ | પ્રા. જનક દવે |
| ૩ | હિરેન ગાંધી | ૪. | સુભાષ બ્રહ્મભટ્ટ |
| ૫ | મન્વિતા બારાડી | ૬. | સુભાષ શાહ |
| ૭. | જનક રાવલ | | |

આ ઠરાવ ઉપર ગુજરાતભરમાંથી ૩૦૦થી વધુ સહીઓ એકઠી કરી, એ મુખ્યમંત્રીને આપવામાં આવ્યો હતો.

૨.

**'નાબૂદી સમિતિ' માટે સહયોગરાશિ સાભાર મળી :**

| રૂા. | |
|---|---|
| ૩૦૦ | ગુજરાતી લેખક મંડળ |
| ૨૫૦ | સંવેદન સાંસ્કૃતિક મંચ |
| ૨૫૦ | ગેરેજ સ્ટુડિયો થીએટર |
| ૭૦ | હસમુખ બારાડી |
| ૭૦ | અશ્વિન ભટ્ટ |
| ૭૦ | પરેશ નાયક |
| ૧૦૦૦ | રાજસ્થાનના રંગકર્મીઓ (હસ્તે મદનમોહન માથુર) |
| ૨૦૦ | નાનુભાઈ નાયક/જનક નાયક (સુરત) |
| ૫૦૧ | પ્રા. વી. જે. ત્રિવેદી |
| ૧૦૦૦ | રંગકર્મી નાટ્યજૂથ |

**તમામ મિત્રો અને સંસ્થાઓને આ લડત માટે શક્ય એટલી આર્થિક સહાય આપવા વિનંતી છે.**

# Country-wide Support

We, the theatre-workers, writers and intellectuals, all over the country condemn the censorship in theatre in Gujarat disguised as "Sanskrutik Pramanpatra Board", and join hands with its abolition-campaign launched in Gujarat.

The Censorship is a British legacy, and must have been done away with immediately after Independence. We also hoped that the arts will flourish in free India without fear; while, in fact, the restrictive censorship of thought is continued in art and literature, under the pretex of containing communalism etc. Artists and writers, on the contrary, are not communal and it is they who have sacrificed more for the harmony, as evidenced in the recent incidents.

We support the social action initiated by the "Nabudi Samiti" in their struggle in Gujarat for freedom of expression.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | Bansi Kaul | (Bhopal) | 2. | Bhanu Bharti | (Udaipur) |
| 3. | Madan Mohan Mathur | (Rajasthan) | 4. | N. Mutthuswami | (Tamil Nadu) |
| 5. | Jose Chirumal | (Kerala) | 6. | K. C. Manvendra Narh | (Kerala) |
| 7. | Vibha Mishra | (Bhopal) | 8. | Gul Bardhan | (Bhopal) |
| 9. | Narendra Sharma | (Delhi) | 10. | M. K. Raina | (Delhi) |
| 11. | Rati Bartholomew | (Delhi) | 12. | Anuradha Kapur | (Delhi) |
| 13. | Shabnam Hashmi | (Delhi) | 14. | Satish Alekar | (Maharashtra) |
| 15. | Lokendra Arambam | (Manipur) | 16. | Balwant Thakur | (J & K) |
| 17. | Swadesh Bandhu | (Lucknow) | 18. | Javed Akhtar | (Patna) |
| 19. | Hartman Dessouza | (Goa) | 20. | B. Jayshree | (Karnataka) |
| 21. | Dinesh Thakur | (Bombay) | 22. | Raghu | (Kerala) |
| 23. | Arjun dev Charan | (Rajasthan) | 24. | Rajesh Joshi | (Bhopal) |
| 25. | Navin Sagar | (Bhopal) | 26. | P. C. Rath | (Bhopal) |
| 27. | Bharat Sharma | (Delhi) | 28. | Prabha Ganguly | (Bhopal) |
| 29. | Chenni | (Chandigarh) | 30. | Mohan Maharshi | (Punjab) |
| 31. | Hallow Bhaiya | (Lucknow) | 32. | Sanjay Upadhyay | (Patna) |
| 33. | Parvez Akhtar | (Patna) | 34. | Ashok Rai | (Jaipur) |
| 35. | Laique Hussain | (Udaipur) | 35. | Rajkamal Naik | (Raipur) |

*and many others.*

■ ■ ■



## ૧૯૯૦ની ઝુંબેશ વખતના 'સેન્સર બોર્ડ'ના સભ્યોની યાદી

૧. શ્રી મણિભાઈ શાહ (અધ્યક્ષ)
૨. શ્રીમતિ વસુબેન ભટ્ટ
૩. શ્રીમતિ સ્મિતાબેન શાસ્ત્રી
૪. શ્રીમતિ મીરાબેન લાખિયા
૫. શ્રીમતિ પ્રતિભાબેન પંડિત
૬. શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર
૭. શ્રી યાસિન દલાલ
૮. શ્રી યોસેફ મેક્વાન
૯. શ્રીમતિ સરોજ પાઠક
૧૦. શ્રી પ્રવીણ દરજી
૧૧. શ્રી કેશુભાઈ દેસાઈ
૧૨. શ્રી અરવિંદ ત્રિવેદી
૧૩. શ્રી દિલીપ રાણપુરા

## ૧૯૯૩ની ઝુંબેશ વખતના 'સેન્સર બોર્ડ'ના સભ્યોની યાદી

૧. શ્રી મણિભાઈ શાહ (અધ્યક્ષ)
૨. શ્રી અમૃતલાલ ઠક્કર (સભ્ય સચિવ, હવે નિવૃત્ત)
૩. શ્રી બકુલ ત્રિપાઠી
૪. શ્રી વિનોદ ભટ્ટ
૫. શ્રી અનંત આચાર્ય
૬. શ્રી દિલીપ રાણપુરા
૭. શ્રી ચંદ્રકાન્ત પુરોહિત
૮. શ્રીમતિ વસુબેન ભટ્ટ
૯. શ્રી એસ. ડી. દેસાઈ
૧૦. શ્રીમતિ સ્મિતા શાસ્ત્રી
૧૧. શ્રી કાન્તિ રામી
૧૨. શ્રી રજનીકુમાર પંડ્યા
૧૩. શ્રી યાસિન દલાલ
૧૪. શ્રી ઉત્પલ ભાયાણી
૧૫. શ્રી માર્કંડ ભટ્ટ